

GCERT

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# ભાષાદીપ

## ધોરણ - 5



# ભાષાદીપ

## ધોરણ – 5

## (સ્વ-અધ્યયનપોથી)

## વર્ષ : 2019-20

વિદ્યાર્થીનું નામ : ______________________________

શાળાનું નામ : ______________________________

ગામ / શહેર : ______________________________

તાલુકો : _______________ જિલ્લો : _______________

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

## : માર્ગદર્શક :

**ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા**

નિવૃત્ત અધ્યક્ષ અને ડીન

શિક્ષણશાસ્ત્ર ભવન

સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર

**ડૉ. હરેશ ચૌધરી**

જીસીઈઆરટી, ગાંધીનગર

**ડૉ. ઋતા એ. પરમાર**

રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

## : લેખન – સંપાદન :

**ડૉ. જયેશ સુતરીયા**

**વિજય સુરેલિયા**

**હિરેન પંડયા**

**પલ્લવી શેટ**

**રમેશભાઈ ધોળકિયા**

**ભગવાનદાસ દૂધરેજિયા**

## : નિર્માણ :

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર**

## : મુદ્રણ :

**સમગ્ર  શિક્ષા, ગાંધીનગર**

**શિક્ષકો માટે ...**

પ્રાથમિક શાળાનાં બાળકો ભાષાશિક્ષણની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે. સાથેસાથે ભાષાનું અર્થગ્રહણ કરીને ભાષાને માણે. ભાષાશિક્ષણમાં અર્થગ્રહણ એ સૌથી પ્રથમ આવે ત્યારબાદ શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો આવે. કોઈપણ ભાષા શીખવાની શરૂઆત શ્રવણ અને કથનથી થાય છે, પરંતુ તેમાં જો અર્થગ્રહણ ન થાય તો કંઈ કામનું નહિ. ત્યારબાદ વિદ્યાર્થી જો વાચન કૌશલ્ય સારી રીતે હસ્તગત કરે તો તે કોઈ પણ બાબત સારી રીતે શીખી શકે છે, ગ્રહણ કરી શકે છે. વિદ્યાર્થીઓની વાચન અને અર્થગ્રહણ ક્ષમતા સારી હોય તો તેની અન્ય વિષયોની સિદ્ધિમાં પણ ખૂબ સારી અસર પડે છે. બાળકો માટે વાચનક્ષમતા નવી સૃષ્ટિ અને તકનાં દ્વાર ખોલી આપે છે. વાચનની સાથે સાથે તેમાં રહેલા ગર્ભિત અર્થને સમજવો પણ ખૂબ જરૂરી છે. તો જ વાચનનો યોગ્ય લાભ મળે. સાથેસાથે બાળકની અભિવ્યક્તિ, પ્રત્યાયન, તાર્કિક ચિંતન, અર્થગ્રહણ અને વ્યવહારિક ઉપયોજન એ બાબતો મુખ્ય છે. બાળકને અભિવ્યક્તિનો, પ્રત્યાયનનો તેમજ તાર્કિક ચિંતનનો મહાવરો આપવામાં આવે તો જ તેનો ભાષાવિકાસ થઈ શકે.

શિક્ષણના કોઈપણ સ્તરે વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ એ ખૂબ મહત્ત્વની બાબત છે. વાચન અને અર્થગ્રહણ એ પ્રતીકો સાથે વિચારોને સાંકળતી એક સંકુલ પ્રક્રિયા છે, જે વ્યક્તિ માટે જ્ઞાનપ્રાપ્તિનો એક અનિવાર્ય સ્રોત છે. રોજિંદા વ્યવહારમાં પણ વાચન અને અર્થગ્રહણ વિના ચાલી શકતું નથી.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓમાં વાચન અર્થગ્રહણ કૌશલ્યનો વિકાસ થાય તે માટે વાચન અભિયાન શરૂ કરેલ છે. વિદ્યાર્થીની ભાષાને બલવત્તર બનાવવાના હેતુથી આ પ્રવૃત્તિસંપુટની રચના કરવામાં આવેલ છે, જેમાં વિદ્યાર્થી માટે આનંદ ઉપજાવે એવી શબ્દરમત પ્રકારની પ્રવૃત્તિઓ છે. અહીં ભાષાની સાથે ગણિત, પર્યાવરણની પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને અન્ય વિષયનો ભાષા સાથે અનુબંધનો પ્રયાસ કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિસંપુટમાં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ છે કે જે વિદ્યાર્થીઓને જૂથ-જોડી કે સમૂહમાં કરાવવામાં આવે તો સહજ રીતે જ બાળકની ભાષાના વિકાસનું માધ્યમ બની રહે. ભાષાના અને શિક્ષણના નિષ્ણાતો તથા પ્રાથમિક શિક્ષણ સાથે વિદ્યાકીય નાતો ધરાવતા અધ્યાપકો, શિક્ષકો દ્વારા અનુભવને આધારે પ્રવૃત્તિઓની રચના કરવામાં આવેલ છે.

વાચન અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર-ઑકટોબર માસમાં વિદ્યાર્થીઓને શ્રવણ-કથનનો પૂરતો મહાવરો મળી રહે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ આપે વર્ગખંડમાં કરાવી હશે.

વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિમાં જેટલું વધારે શ્રવણ અને કથન કરે તેટલો તેમનું શબ્દભંડોળ વધે. या भाष्यते सा भाषा । તેથી ભાષાવિકાસ માટે સૌ પ્રથમ મૌખિક વાર્તાલાપ, ચર્ચા, સંવાદ જેવી પ્રવૃત્તિઓ વર્ગખંડમાં થવી જરૂરી છે.

**ભાષાદીપ સંપુટોમાં -**

- ભાષાસમૃદ્ધિની કુલ 20 અઠવાડિયાંની પ્રવૃત્તિઓ આપેલી છે જેમાં અંદાજે 150 થી 190 જેટલી પ્રવૃત્તિઓ છે. દરેક અઠવાડિયા માટે સાત થી દસ પ્રવૃત્તિઓ આપેલી છે. આ પ્રવૃત્તિઓમાં ગુજરાતી, ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે. એટલે કે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી. પરંતુ તમામ વિષયોમાં ભાષા-વ્યવહાર અનિવાર્ય છે જ, તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આથી ગુજરાતી ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.
- આ પ્રવૃત્તિમાં કેટલીક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ પાઠયપુસ્તક બહારની અને કેટલીક પાઠયપુસ્તકના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે અહીં પાઠયપુસ્તકનું વિષયવસ્તુ ગૌણ પણ તેનું અર્થગ્રહણ મહત્ત્વનું છે. તેથી કોઈપણ બિંદુનું અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય, તે માટેની પ્રવૃત્તિની રચના કેવી હોવી જોઈએ તે દરેક શિક્ષકે ધ્યાનમાં લેવાનું છે, તેવી પ્રવૃત્તિની રચના કરતાં શીખવાનું ધ્યેય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓના અનુભવો દ્વારા અર્થગ્રહણની તક વિદ્યાર્થીઓને પૂરી પાડવાની છે.
- પ્રસ્તુત સંપુટોમાં કલ્પનાપ્રેરક, શબ્દરમત, શબ્દસર્જન, વિષયવર્ણન, શબ્દનિર્માણ, વાકયનિર્માણ, સર્જનાત્મક, અનુમાનપ્રેરક, વાતચીત, વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, મને ઓળખો, લિંગ અને કાળથી માંડીને વાકયપૂર્તિ, ચિત્રવર્ણન અને સ્વતંત્ર લેખનનો સમાવેશ કરતી પ્રવૃત્તિઓ બાળકને કરાવવાની થાય છે.  સંપુટોમાં આપેલ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને પદ્ધતિસર કરાવવામાં આવે તો તેની કક્ષા પ્રમાણે વિદ્યાર્થીની ભાષા અંગેની અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ થઈ શકશે.

**આ પ્રવૃત્તિઓની સમગ્રતાલક્ષી અસરો કેવી હશે?**

- **વિદ્યાર્થીઓને**
  - મુકત વાતાવરણ મળશે.
  - અનૌપચારિક ભાષાપ્રયોગ કરવાનો મોકો મળશે.
  - શરમ-સંકોચ દૂર થશે, બોલકણાં થશે.
  - અનેક મુદ્દાઓ પર વિચાર/લાગણી વ્યકત કરશે.
  - પાઠયપુસ્તકના વિષયવસ્તુનું દર્ઢીકરણ થશે.
  - વિષયોની સીમા તૂટશે-જ્ઞાનનું એકીકરણ થશે.
  - સહભાગી-અધ્યયન થશે-ભૂલો માટે શરમાવું નહીં પડે.
  - વર્ગમાં સમાજીકરણ થશે, અનેક વ્યક્તિત્વોનો પરિચય થશે.
  - શબ્દભંડોળ, વાકયરચના વૈવિધ્યમાં વધારો થશે.
  - મગજમાં અનેક ખ્યાલોની પુનઃરચના થશે.
  - નવા (Schema) સમજકોશ રચાશે.
  - લેખન અને જાહેરઅભિવ્યક્તિ સરળ બનશે.
  - કોઈપણ વિષય શીખવાનું સરળ બનશે.
- **શિક્ષકોને**
  - અનેક અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિનો પરિચય થશે.
  - વિદ્યાર્થીઓની વ્યક્તિ તરીકે ઓળખ મળશે.
  - વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓનાં દર્શન થશે.
  - વર્ગ સમરસ, અનુશાસિત બનશે.
  - વર્ગમાં વિષયશિક્ષણ વખતે વધારે સહભાગિતા થશે.
  - વિષયોનો અનુબંધ સ્થાપિત થશે.
  - અધ્યાપન સરળ બનશે.
  - ભાષાનું પ્રભુત્વ કેટલું મહત્ત્વનું છે કે સમજાશે.

**આ તમામ પ્રવૃત્તિઓ કરતી વખતે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :**

૧. ભાષા એટલે શું તથા બાળક ભાષા કેવી રીતે શીખે છે તેની સમજ બરાબર પ્રાપ્ત કરવી.

૨. ભાષાશિક્ષણમાં વિદ્યાર્થીઓને સૌ પ્રથમ શ્રવણ અને કથનનો મહાવરો મળે તેવી મૌખિક ભાષા-વ્યવહારની પ્રવૃત્તિઓ કરાવવી, કારણ કે સાંભળવું અને બોલવું એ સહજ, પ્રાકૃતિક સ્થિતિ છે.

૩. દરેક પ્રવૃત્તિનો પ્રકાર આપેલો છે, એટલે પ્રવૃત્તિ જોડી / જૂથ / સમૂહ/વ્યક્તિગત જે પણ પ્રકારે કરવાની સૂચના આપેલી હોય તે પ્રકારે જ કરાવવી. મોટાભાગની પ્રવૃત્તિ જોડી અને જૂથમાં કરાવવાની છે, કારણ કે જોડીમાં કે જૂથમાં કામ કરવાથી વિદ્યાર્થીને એકબીજા સાથે ચર્ચા કરવાની તક મળે છે, આત્મવિશ્વાસ વધે છે. જોડીમાં કે જૂથમાં પ્રવૃત્તિ કરેલી હોવાથી ખોટું પડવાની બીક રહેતી નથી. એકબીજાના વિચારો, વિચારણાની પેટર્ન જાણવા મળે છે. મૌખિક ભાષા-વ્યવહાર બે કે બેથી વધુ વ્યક્તિઓ વચ્ચે જ સંભવ છે. આથી આપેલી સૂચના પ્રમાણે જ કામ થાય તે ખાસ જોવું.

૪. વિદ્યાર્થીઓ ભાષાનું અર્જન(કુદરતી રીતે પ્રાપ્ત કરવું) કરી શકે તે માટે વર્ગખંડમાં સહજ, સ્વાભાવિક પરિસ્થિતિ નિર્માણ કરવી. આ માટે પ્રવૃત્તિઓના વિષયો પણ રોજબરોજના વાસ્તવિક જીવનમાં અનુભવાતી પરિસ્થિતિ કે ઘટના કે પ્રસંગો આધારિત છે.

૫. આ તમામ પ્રવૃત્તિ કરાવતી વખતે મુખ્ય લક્ષ્ય બાળકોને મજા પડે તે છે. તેથી તમામ પ્રવૃત્તિ આનંદદાયી, સહજ વાતાવરણમાં અને મુક્ત રીતે થાય તે બાબત શિક્ષકે ખાસ ધ્યાન રાખવું આ પ્રકારનું વાતાવરણ પોતાના વર્ગખંડમાં રચવું.

૬. પ્રવૃત્તિ રસપ્રદ બની રહે તથા આનંદપૂર્વક કરવાનું મન થાય તે માટે અહીં વાતચીત, સંવાદ, રમતો, સ્થળ મુલાકાત, ચિત્ર, ઓડિયો, વીડિયો, રેસ્ટોરાં, મોબાઈલ જેવી બાબતો આધારિત પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે.

૭. આ તમામ પ્રવૃત્તિઓમાં તમામ વિષયોના વિષયવસ્તુને માધ્યમ તરીકે પસંદ કરવામાં આવેલ છે, એટલે ભાષાશિક્ષણ એ માત્ર ગુજરાતી વિષયના શિક્ષકનું જ કામ નથી, પરંતુ તમામ વિષયોમાં ભાષા વ્યવહાર થઈ શકે તે દરેક શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે. આ ઉપરાંત અન્ય વિષયોમાં પણ અર્થગ્રહણ કેવી રીતે કરાવી શકાય તે પણ દરેક વિષયના શિક્ષકે જોવું.

૮. દરેક ધોરણમાં એવા પ્રકારની પ્રવૃત્તિઓ આપવામાં આવેલી છે કે જેમાં વિદ્યાર્થીઓને બેઠા-સીધા જવાબ ન મળે પણ તેઓએ મનોયત્ન કરવો પડે, એટલે કે વિચારવું પડે, ચર્ચા કરવી પડે, મથવું પડે, પડકાર ઝીલવો પડે.

૯. દરેક પ્રવૃત્તિ માટે અંદાજિત સમય શિક્ષકશ્રીએ નક્કી કરવાનો છે. કોઈક વખત કોઈક પ્રવૃત્તિમાં બાળકો મશગૂલ બની ગયાં હોય અને તેમને ખૂબ મજા પડતી હોય તો તે પ્રવૃત્તિ ત્યાં જ અટકાવી દેવાને બદલે થોડા સમય માટે લંબાવી શકાય.

૧૦. મોટાભાગની પ્રવૃત્તિઓ શિક્ષકની મદદથી વિદ્યાર્થીઓને કરાવવાની રહેશે. શિક્ષકની ભૂમિકા ફેસિલિટેટર તરીકેની રહેશે. દરેક પ્રવૃત્તિ વખતે શિક્ષકે વર્ગમાં ફરતા રહીને જોડી/જૂથમાં જઈને બાળકોની ચર્ચા સાંભળવી. બાળકો વિષય પર જ બરાબર ચર્ચા કરે છે કે કેમ, આપેલી પ્રવૃત્તિ બરાબર કરે છે કે કેમ, તે જોવું અને જરૂર પડે ત્યાં માર્ગદર્શન કરવું.

૧૧. જૂથમાં તમામ સ્તરના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તે પ્રકારે જૂથની રચના કરવી. જોડીમાં કામ કરવાનું હોય તો પણ એક ઉત્તમ અને એક મધ્યમ, મધ્યમ અને પ્રિય, ઉત્તમ અને પ્રિય એવી રીતે રચના કરવી. એક અઠવાડિયા બાદ જૂથ કે જોડી બદલવી. ત્યાં સુધી એક જ રાખવી.

૧૨. પ્રવૃત્તિ પૂરી થયા પછી સમય મુજબ બે કે ત્રણ જૂથ કે જોડી પાસે તેનો સારાંશ કે અહેવાલ વર્ગ સમક્ષ રજૂ કરાવવો. એવી રીતે દરેક પ્રવૃત્તિ વખતે અલગ અલગ જૂથ કે જોડી પાસે રજૂ કરાવવું. શિક્ષકે સાથેસાથે 'પ્રવૃત્તિ કરવાની મજા પડી, કેવી રીતે તમે કાર્ય કર્યું, શી મુશ્કેલી પડી, શું જાણવા મળ્યું' જેવા પ્રશ્નો દ્વારા પ્રવૃત્તિના ઊંડાણમાં જઈને, ભાષાના ઘટકો, ભાષાની ચમત્કૃતિ, સર્જનાત્મકતા વગેરેની પણ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

૧૩. અઠવાડિયામાં કોઈપણ સાત પ્રવૃત્તિ ફરજિયાત કરાવવી, અન્ય પ્રવૃત્તિઓ સમય મુજબ કરાવી શકાય. અઠવાડિયા માટે આપેલી પ્રવૃત્તિમાંથી તમે કોઈપણ પ્રવૃત્તિ પ્રથમ કરાવી શકો, એટલે કે અઠવાડિયાની અંદરની પ્રવૃત્તિનો ક્રમ અનુસરવો જરૂરી નથી, પણ દરેક અઠવાડિયાનો ક્રમ અનુસરવાનો. એટલે કે પ્રથમથી લઈને વીસ અઠવાડિયાના ક્રમ મુજબ જ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રસ્તુત સંપુટ વિદ્યાર્થીઓને ભાષા અને તે થકી અન્ય વિષય શીખવામાં મદદરૂપ બની રહે તેવી અભ્યર્થના! અધ્યયન-અધ્યાપનના આ નવાં સોપાન પર સૌનું સ્વાગત છે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| 1. | પહેલું અઠવાડિયું | 01 |
| 2. | બીજું અઠવાડિયું | 05 |
| 3. | ત્રીજું અઠવાડિયું | 09 |
| 4 | ચોથું અઠવાડિયું | 13 |
| 5. | પાંચમું અઠવાડિયું | 17 |
| 6. | છઠ્ઠું અઠવાડિયું | 21 |
| 7. | સાતમું અઠવાડિયું | 25 |
| 8. | આઠમું અઠવાડિયું | 30 |
| 9. | નવમું અઠવાડિયું | 34 |
| 10. | દસમું અઠવાડિયું | 39 |
| 11. | અગિયારમું અઠવાડિયું | 42 |
| 12. | બારમું અઠવાડિયું | 46 |
| 13. | તેરમું અઠવાડિયું | 50 |
| 14. | ચૌદમું અઠવાડિયું | 54 |
| 15. | પંદરમું અઠવાડિયું | 58 |
| 16. | સોળમું અઠવાડિયું | 62 |
| 17. | સત્તરમું અઠવાડિયું | 66 |
| 18. | અઢારમું અઠવાડિયું | 70 |
| 19. | ઓગણીસમું અઠવાડિયું | 73 |
| 20. | વીસમું અઠવાડિયું | 78 |

## પહેલું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વાર્તા                    તા.                    જૂથકાર્ય

- વાક્યો વાંચો, ક્રમમાં ગોઠવો અને વાર્તા બનાવી વર્ગ સમક્ષ કહો.

  વાક્યો :

  1. તે આ જોઈ રોમાંચિત થઈ ગયો.
  2. બીજે દિવસે બાળકો શાળાએ ગયાં ત્યારે ગપ્પુ ફુગ્ગા પાસે ગયો.
  3. ગપ્પુ નાનકડો બહાદુર ઉંદર હતો.
  4. તેણે જોયું કે ફુગ્ગો ઊંચે ઊડીને છતને અડી ગયો.
  5. અને ફુગ્ગાની દોરી પકડી ગપ્પુ છત સુધી પહોંચી ગયો.
  6. હવે તે પંખાનાં પાંખિયાને ઉપરથી જોઈ શકતો હતો.
  7. એક દિવસ તેણે બાળકોને ગેસના મોટા ફુગ્ગાથી રમતાં જોયાં.

### 2. પ્રવૃત્તિ : શબ્દો પરથી વાક્યો બનાવો                    તા.                    જોડીકાર્ય


- કૌંસમાંથી શબ્દો પસંદ કરી વાક્યો બનાવો. વાક્યો તમારી નોટબુકમાં લખો.


  (વફાદાર, નવાં, ઢોકળાં, રસપ્રદ, સ્વાદિષ્ટ, ક્રિકેટ, કપડાં, સરળતાથી, કૂતરો, વાર્તા, મનગમતી, જેલપેન, ફિલ્મ)

  ઉદા. મને <u>નવાં કપડાં</u> પહેરવાં ગમે છે.

### 3. પ્રવૃત્તિ : પ્રક્રિયા                    તા.                    જોડીકાર્ય

- ચિત્ર જોઈ દીવાસળી અને વાલ્વટ્યૂબની મદદથી 'ત્રિકોણ' બનાવવાની પ્રક્રિયાને ક્રમમાં ગોઠવો અને તેની સામે પ્રક્રિયાનાં વાક્યો લખો.

| | | |
|---|---|---|
| 1. |  દીવાસળીની પેટી | ................................................ ................................................ ................................................ ................................................ |
| 2. |  વાલ્વ ટ્યૂબ | ................................................ ................................................ ................................................ ................................................ |

| | | |
|---|---|---|
| 3. | <br>બે દીવાસળી અને વાલ્વ ટ્યૂબ | ........................................<br>........................................<br>........................................<br>........................................ |
| 4. | <br>બે દીવાસળી અને ત્રણ વાલ્વ ટ્યૂબ | ........................................<br>........................................<br>........................................<br>........................................ |
| 5. | <br>ત્રણ દીવાસળી અને ત્રણ વાલ્વ ટ્યૂબ | ........................................<br>........................................<br>........................................<br>........................................ |

## 4. પ્રવૃત્તિ : હું કોણ? — જોડીકાર્ય

- તમારા મિત્રને કોયડાઓ પૂછો અને જવાબ મેળવી વર્ગ સમક્ષ કહો.

| | |
|---|---|
| હું એક ખૂણો છું.<br>મારો આકાર અંગ્રેજી મૂળાક્ષર **L** જેવો છે.<br>બોલો હું કોણ? | હું એક વિશાળકાય પ્રાણી છું.<br>મારે બે લાંબા દાંત છે.<br>મારે એક સૂંઢ છે.<br>બોલો હું કોણ? |
| મારે પાંખો નથી,<br>પણ હું આકાશમાં ઊડી શકું છું.<br>હું પક્ષી પણ નથી<br>બોલો, હું કોણ? | મારે ચાર પગ છે.<br>પણ તે ચાલી શકતા નથી.<br>તમે મારા પર બેસો છો.<br>બોલો હું કોણ? |
| મીઠો છે મારો સ્વાદ,<br>રંગ છે મારો કેસરી<br>હું છું ફળોનો રાજા<br>બોલો, હું કોણ? | હું તમારી સાથે સાથે ચાલું છું.<br>સવારે હું પશ્ચિમ બાજુ અને બપોર પછી હું પૂર્વ બાજુ હોઉં છું.<br>પ્રકાશ મારો સાથી છે.<br>બોલો, હું કોણ? |

## 5. પ્રવૃત્તિ : પ્રક્રિયા તા. જૂથકાર્ય

- નિમંત્રણ કાર્ડ બનાવવાની પ્રક્રિયાને ક્રમમાં ગોઠવી તે ક્રમને ☐ માં લખો અને વર્ગ સમક્ષ વાંચો.

☐ પછી તેને અડધેથી વાળો.

☐ સમય લખવા માટેની જગ્યા છોડો.

☐ તારીખ લખવા માટેની જગ્યા છોડો.

☐ પૂંઠાને લંબચોરસ કાપો.

☐ નામ માટેની જગ્યા છોડો.

☐ પૂંઠું લો.

☐ સ્થળ માટેની જગ્યા છોડો.

## 6. પ્રવૃત્તિ : ચાલો ઘરેણાં પહેરીએ તા. જૂથકાર્ય

- શરીરનાં અંગો પ્રમાણે ઘરેણાં અને દરેક ઘરેણાનું એક વાક્ય વર્ગ સમક્ષ બોલો.

ઉદા. હાથની આંગળી – વીંટી.

| શરીરનું અંગ | પહેરવાનું ઘરેણું |
|---|---|
| પગની આંગળી | |
| હાથ | |
| પગ | |
| ગળું | |
| કમર | |
| વાળ | |
| નાક | નથણી |
| કાન | |
| માથું | |
| કાંડું | |

## 7. પ્રવૃત્તિ : વાક્ય ગોઠવણી તા. જૂથકાર્ય

- શબ્દોને ગોઠવીને અર્થસભર વાક્યો બનાવો અને વર્ગ સમક્ષ વાંચન કરો.

1. ગમે / ક્રિકેટની / મેચ / જોવી / ખૂબ
2. ભાઈ / મારે / બે / અને / એક / છે / બહેનો
3. કામ / કરે / તમારા / છે? / ક્યાં / પિતા
4. છે / મારાં / ઘર / અમદાવાદમાં / મામાનું
5. દાદાની / સાઈઠ / છે / વર્ષ / ઉંમર

## 8. પ્રવૃત્તિ : મારું મનગમતું તા. વ્યક્તિગતકાર્ય

- આપેલ વિષય પર દસ વાક્યો વિચારીને લખો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

1. તમને ગમતો પાઠ
2. તમને ન ગમતો પાઠ
3. તમારો ગમતો ભાઈબંધ / બહેનપણી
4. ઘરથી શાળા સુધીનો રસ્તો
5. મારું ઘર
6. શાળાની ગમતી બાબતો
7. મનગમતું પક્ષી
8. ગમતું વાહન
9. મનગમતાં ફૂલ અને ફળ

## બીજું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ચાલો મેળાને માણીએ    તા.    જૂથકાર્ય


- ધોરણ-5 અંગ્રેજીના પાઠ્યપુસ્તકના પાના નં. 38 પરનું ચિત્ર જુઓ. પ્રશ્નોની જૂથમાં ચર્ચા કરો અને વર્ગ સમક્ષ કહો.


  1. બાળક તેની માતાને કશુંક કહે છે, તે શું કહેતો હશે?
  2. રમકડાંની દુકાને ગ્રાહક ઊભો છે. તે વેપારીને શું પૂછતો હશે?
  3. ચાની દુકાનવાળો ચા વેચવા કેવી બૂમો પાડતો હશે?
  4. તમે રમકડાંની દુકાને ઊભા હોવ અને તમારે મંદિરે જવું હોય તો કેવી રીતે ત્યાં પહોંચશો તેનું વર્ણન કરો.
  5. ફળવાળો ફળ વેચવા પોતાની દુકાનનાં ફળનાં વખાણ કેવી રીતે કરશે?

### 2. પ્રવૃત્તિ : શબ્દ સાંકળ    તા.    વ્યક્તિગતકાર્ય

- વચ્ચે લખેલા શબ્દની સાથે તેને સંબંધિત બીજા શબ્દો લખો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

  ઉદા. ‘બગીચો’ જોઈને તમને ફળ, ફૂલ, બાંકડો, લપસિયા વગેરે યાદ આવે તો ‘ગામ’ અને ‘શાળા’ જોઈને જે યાદ આવે તે લખો.



**3. પ્રવૃત્તિ : શું કહેવાય?** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- યાદીમાંથી વાક્યોને અનુરૂપ શબ્દનો ક્રમ શોધો અને વાક્યની સામે લખો.

  (1. કાટકોણ, 2. પરિમિતિ, 3.એક લિટર, 4. એક મીટર, 5. દ્વિદળી, 6.એકદળી,7. ઉભયજીવી, 8. કાંપાળ જમીન)

  1. સો સેન્ટિમીટર = ...............
  2. જમીન અને પાણી બંનેમાં રહી શકે તેને ............... કહેવાય.
  3. જે ખૂણાનું માપ 90 અંશ હોય તેને ................ કહેવાય.
  4. 1000 મિલિલીટર = ...............
  5. હદનાં માપને .......... કહેવાય.
  6. કાંપ કે સેન્દ્રીય પદાર્થનું પ્રમાણ વધુ હોય તેને ............... કહેવાય.
  7. બીજના બે સરખા ફાડ ન થતાં ભૂકો કે ઘણા ટુકડા થાય તે ............... કહેવાય.

**4. પ્રવૃત્તિ : તમે કોણ?** **તા.** **જોડીકાર્ય**

- ''સૌની આસપાસ'' પાઠ્યપુસ્તક ખોલો. પુસ્તક ખોલતાં જ પાછળના પાને 'મારું પાનું'ની વિગતો જૂઓ અને તે પાનું તમારા મિત્ર સાથે અદલ-બદલ કરો અને વાંચો.ત્યારબાદ વર્ગ સમક્ષ મિત્ર અંગે પાંચ વાક્યો રજૂ કરો.

**5. પ્રવૃત્તિ : ચાલો, જગ્યા પૂરીએ** **તા.** **જોડીકાર્ય**

- યોગ્ય પ્રત્યયને ખાલી જગ્યામાં પૂરીને આખું વાક્ય વર્ગ સમક્ષ વાંચો.

  (નો, ની, નું, ના, નાં, ને)

  1. સિંહ ...... અવાજ સંભળાય છે.
  2. નર્મદા ...... જળ કચ્છ સુધી પહોંચ્યા.
  3. મોટરકાર ...... લાઈટ બંધ છે.
  4. હાથી ...... બચ્ચા ...... મદનિયું કહેવાય.
  5. બકરી ...... બચ્ચું જન્મે છે, ત્યારે તેને શીંગડાં હોતાં નથી.
  6. રામ ...... બહેન નાની છે.
  7. ઑગસ્ટ રજાઓ ...... મહિનો છે.
  8. તે...... પાસે દસ ગાયો છે.
  9. મ...... આજે ખૂબ મજા આવી.
  10. ત...... અને મ...... સાહેબ બોલાવે છે.

## 6. પ્રવૃત્તિ : ચિત્ર સમજીએ   તા.   જોડીકાર્ય

- ધોરણ-5 ના ''સૌની આસપાસ'' પુસ્તકના પાન નંબર 62 પરનું ચિત્ર જુઓ અને સમજો. લાગુ ન પડતા હોય તેવા વિધાનો છેકી નાંખો.

  વાક્યો :

  1. ડોયો ગોળાની જમણી બાજુ છે.
  2. પાટલીની બાજુમાં બે સરખી તપેલી છે.
  3. ગેસનો બાટલો કબાટમાં છે.
  4. કબાટમાં રહેલા તમામ ડબ્બા એક સરખા નથી.
  5. કબાટનાં નીચેનાં ખાનાંમાં ગ્લાસ ગોઠવેલ છે.
  6. ગ્લાસ અને બરણીની સંખ્યા સરખી છે.
  7. બહેને બ્લાઉઝના મેચિંગમાં બંગડી પહેરેલ છે.
  8. બરણીઓ જુદા જુદા રંગની છે.
  9. કૂકરની સીટી વાગી રહી છે.

## 7. પ્રવૃત્તિ : છેકી નાખો   તા.   જૂથકાર્ય

- ધોરણ-5 અંગ્રેજીના પાઠ્યપુસ્તકનાં પાના નં. 34નું ચિત્ર જુઓ અને ખોટાં વિધાનો છેકી નાખો. સાચાં વિધાનોનું વર્ગ સમક્ષ વાંચન કરો.

  વિધાનો :

  1. બંને બળદ સામસામે મોં રાખીને બેઠા છે.
  2. પનિહારી પાણી ભરીને આવે છે.
  3. ટ્રેક્ટરનાં ચાર પૈડાં દેખાય છે.
  4. ચિત્રમાં ચૌદ સજીવો દેખાય છે.
  5. પાણીની કુંડી અને કૂવાનો આકાર એક સરખો છે.

## 8. પ્રવૃત્તિ : ચાલો, કોઠો ભરીએ તા. જૂથકાર્ય

- ‘અ’ અને ‘બ’ને યોગ્ય રીતે જોડી વિધાનો બનાવો અને ‘ક’માં આખું વાક્ય લખો અને તેનું વાંચન કરો.

| ક્રમ | અ | બ | ક |
|---|---|---|---|
| 1 | હાથી સૂંઢથી વસ્તુ પકડે છે. | કારણ કે તમે ગંદું પાણી પીધું. | હાથી સૂંઢથી વસ્તુ પકડે છે. કારણકે તેને હાથ નથી. |
| 2 | ઊંટ ઊંચાં ઝાડવાંઓના પાન ખાઈ શકે છે. | કારણે કે તે શાકભાજી ખરીદવા ઈચ્છતો હતો. | |
| 3 | મોટરકાર ચાલતી નથી. | કારણે કે તેને હાથ નથી. | |
| 4 | મનોજ માર્કેટમાં ગયો. | કારણે કે તેને લાંબી ડોક છે. | |
| 5 | ડોલનું પાણી ખાલી થઈ ગયું. | કારણ કે તેમાં પેટ્રોલ નથી. | |
| 6 | વાંદરો ઝાડ પર ચડી ગયો. | કારણ કે તેમાં કાણું હતું. | |
| 7 | તમે માંદા પડ્યા. | કારણ કે છોકરાઓ પથરા લઈને તેની પાછળ પડ્યા હતા. | |

## ત્રીજું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : બે ચિત્રો વચ્ચેનો તફાવત શોધો તા. જોડીકાર્ય

- ધોરણ-5ના હિન્દીના પાઠ્યપુસ્તકના પાન નંબર 41 પરનું ચિત્ર જુઓ. આ બે ચિત્રો વચ્ચેનો તફાવત શોધીને એ શોધવામાં કેવી મજા આવી તે વર્ગ સમક્ષ કહો.

### 2. પ્રવૃત્તિ : શબ્દ જોડો તા. જૂથકાર્ય

- શબ્દોના અલગ અલગ ટુકડાઓ જોડી સાચા શબ્દો બનાવો.

| | | |
|---|---|---|
| (1)  | | A.  |
| (2)  | | B.  |
| (3)  | | C.  |
| (4)  | | D.  |
| (5)  | | E.  |
| (6)  | | F.  |
| (7)  | | G.  |
| (8)  | | H.  |

### 3. પ્રવૃત્તિ : ટિકિટ - ટિકિટ તા. વ્યક્તિગતકાર્ય

- "ગણિત ગમ્મત" પાઠ્યપુસ્તકના પાના નં. 35 પરનું ચિત્ર જુઓ અને આપેલા પ્રશ્નોના જવાબ શોધો.
  1. ટિકિટમાં તમને કઈ ટિકિટ વધુ ગમે છે? શા માટે?
  2. સૌથી મોટી ટિકિટ કઈ છે?
  3. ટિકિટ A વિશે બે વાક્યો લખો.
  4. લંબાઈમાં કઈ ટિકિટ સરખી છે?

## 4. પ્રવૃત્તિ : સંવાદ	તા.	જોડીકાર્ય

- સંવાદો વાંચો અને કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સંવાદ પૂર્ણ કરો અને ભજવો.

(મારા માટે બટેટા લેતી આવીશ, થેલી તો મારી પાસે છે., ૨ કિગ્રા લાવજે., ક્યાં જાય છે, સુપ્રભાત.)

રશ્મિ : .............................. કાકી.

રાધાબેન : સુપ્રભાત, .............................. બેટા?

રશ્મિ : કાકી, હું શાક માર્કેટમાં જાઉં છું.

રાધાબેન : ..............................?

રશ્મિ : કેમ નહીં ? કેટલા લાવવાના છે, કાકી?

રાધાબેન : .............................., થેલી આપું?

રશ્મિ : ભલે, કાકી : ..............................

## 5. પ્રવૃત્તિ : વાક્ય પટ્ટીમાંથી વાક્યો જોડો	તા.	જૂથકાર્ય

- જુદાં જુદાં વાક્યોના ટુકડા ગોઠવી અર્થસભર વાક્ય બનાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | સૌથી | નર્મદા | નદી છે | મોટી | | |
| 2 | જગ્યા | રોકે | હવા | છે | | |
| 3 | અનેક | છે | નદીઓનો | ગુજરાત | પ્રદેશ | |
| 4. | મંડળી | ગામમાં | છે | આણંદ | દૂધ | |
| 5. | પકવે | નાનું | કચ્છનું | છે | રણ | મીઠું |

## 6. પ્રવૃત્તિ : પ્રાણીઓ ક્યાં રહે છે? તા. જોડીકાર્ય

- રહેઠાણના આધારે પ્રાણીઓનું વર્ગીકરણ કરો.

(કૂતરો, કાગડો, માછલી, બકરી, ઘેટું, ગાય, ઘોડો, કાચબો, ગધેડો, ચકલી, કબૂતર, દેડકો, મોર, તારામાછલી, સાપ, મગર, હંસ, હાથી, વીંછી.)

| ભૂચર (જમીન પર રહેનારા) | જળચર (પાણીમાં રહેનારાં) | ખેચર (આકાશમાં ઉડનારાં) | ઉભયજીવી (જમીન અને પાણી બંનેમાં રહેનારાં) |
|---|---|---|---|
| બળદ | વહેલ | સમડી | ટોડસ |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## 7. પ્રવૃત્તિ : શ્રુતલેખન તા. વ્યક્તિગતકાર્ય

- તમારા શિક્ષક બોલે તે સાંભળીને લખો. તેમજ પ્રશ્નના જવાબ નોંધો (ગણિત ગમ્મત પાઠ્યપુસ્તકના પાના નં. 2 પર "ગુજરાતના ગીર.......... મોકલવામાં આવે છે." સુધીના ફકરાનું શ્રુતલેખન કરાવો.)
- ફકરા લેખન :

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

પ્રશ્નો :

1. 'આંબે આવ્યા મોર વાર્તા કહેશું પોર' અહીં 'પોર' શબ્દનો અર્થ શો થાય છે?
2. આંબાવાડીઓ કયા વિસ્તારની જીવાદોરી છે?

## 8. પ્રવૃત્તિ : સંખ્યા બનાવો ता. જૂથકાર્ય

- મૂળાક્ષરો સાથે અંક આપેલા છે ઉદાહરણ પ્રમાણે આપેલા શબ્દોમાંના અક્ષરો બદલે અંક લખી સંખ્યા બનાવો અને શબ્દોમાં લખો.

| મ, ત | ર, ણ | શ, ગ | બ, સ | ભ, ય | ન, ટ | હ, ક | વ, ડ | અ, ઝ |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 6 | 5 | 3 | 8 | 7 | 4 | 2 | 1 |

શબ્દ :

| શબ્દ | વ | હા | ણ | વ | ટી | ઓ |
|---|---|---|---|---|---|---|
| સંખ્યા | 2 | 4 | 6 | 2 | 7 | 1 |
| શબ્દોમાં | બે લાખ છેતાલીસ હજાર બસો ઈકોતેર | | | | | |

શબ્દ :

| શબ્દ | સંખ્યા | શબ્દોમાં |
|---|---|---|
| સાહસવીરોએ | | |
| ભંડારશિબિર | | |
| ઝગમગતો સૂર્ય | | |
| મહાસાગરની | | |
| નૂતન ભૂમિમાં | | |
| મરણિયાઓને | | |

# ચોથું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : બરાબર સાંભળો તા. જોડીકાર્ય

- એક વિદ્યાર્થી ફકરો વાંચશે, બીજો તે સાંભળશે ત્યારબાદ બીજા વિદ્યાર્થી સાંભળેલ ફકરો જેટલો યાદ રહેશે તેટલો મોઢે બોલશે. જોડીમાંથી કેટલાંકને આખા વર્ગ સમક્ષ બોલવા કહો.

ફકરો :

વૉલ્ટરની આ વાતચીત સાંભળીને એની માતા દોડીને આવી. એણે પૂછ્યું :"બેટા, તુ કોની સાથે વાત કરતો હતો ?"

"મા મારા પગ સાથે."

"પગ સાથે? પગ તે કંઈ સાંભળતા હશે ?"

"હા મા, મારા પગ ભલે ચાલે નહિ, પણ સાંભળે તો ખરા ! "

"એમ ! તો તેં એને શું કહ્યું ?" માતાએ આતુરતાથી પૂછ્યું.

વૉલ્ટરે કહ્યુ, "મા, મેં એને કહ્યું કે તમે મૂંઝાશો નહિ, ગભરાશો નહિ, સહેજે હિંમત હારો નહિ, આજ ભલે તમે ચાલી શકતા ન હો, પણ એક દિવસ આપણે જરૂર ઊંચામાં ઊંચા કૂદકા લગાવી શકીશું."

"શાબાશ બેટા, શાબાશ ! તું જરૂર કૂદકા લગાવી શકીશ. તું જરૂર સહુની માફક દોડી શકીશ. જો, તું હિંમત નહિ હારે, તો તું જે ધારીશ તે કરી શકીશ."

## 2. પ્રવૃત્તિ : પદ ક્રમને ગોઠવો. તા. વ્યક્તિગતકાર્ય

- બોકસમાંના શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થસભર વાક્ય બનાવો. વર્ગ સમક્ષ રજૂ કરો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | બોટલ | દૂધથી | છે. | આ | ભરેલી | |
| 2 | ખેતરમાં | છે. | તેનાં | રહેમતે | ઘઉં | વાવ્યાં |
| 3 | રાજ્ય | ગુજરાતનું | પક્ષી | છે. | સુરખાબ | |
| 4. | રીનાને | થવું | ચિત્રકાર | ગમે | પણ | છે. |
| 5. | ચડે | મોન્ટુ | છે. | થાંભલા | પર | સડસડાટ |
| 6. | ગયો. | ચાવી | ચોકલેટ | ચાળીસ | ચમન | |

**3. પ્રવૃત્તિ : વાંચો અને વિચારો તા. જૂથકાર્ય**

- ''ગણિત-ગમ્મત'' પાઠ્યપુસ્તકના પાન નબર 12 પરનો ફકરો ''મહિલા આમ્રબૅંકની બેઠક .......... અને બૅંકમાં જમા કરાવે છે.'' સુધી વાંચો અને ચર્ચા કરો.
  1. મહિલા આમ્રબૅંકની બેઠકમાં કોણ હાજર છે?
  2. બેઠકમાં કેટલી મહિલાઓ હાજર છે?
  3. બેઠકના મુખ્ય વ્યક્તિ કોણ છે?
  4. દર મહિને કેટલાં રૂપિયાની બચત થાય છે?
  5. બચતના એકઠાં થયેલા નાણાં કઈ સંસ્થા સાચવે છે?
  6. બૅંક નીચેનામાંથી કઈ સંસ્થા ગણાશે?

     A.ધાર્મિક B. શૈક્ષણિક C. નાણાકીય

**4. પ્રવૃત્તિ : ચિત્ર સમજીએ તા. જૂથકાર્ય**

- ધોરણ-5 'સૌની આસપાસ' પાઠયપુસ્તકના પાન નંબર III પરનું ચિત્ર જુઓ અને પ્રશ્નોના જવાબની ચર્ચા કરો.
  1. પંખો ચાલુ છે તે શાના પરથી કહી શકાય?
  2. ટીવી બંધ છે – તે શેના પરથી નક્કી થાય છે?
  3. વીજળીથી ચાલતી વસ્તુઓ કઈ કઈ છે? યાદી બનાવો.
  4. ચિત્રમાં રહેલ સોફા, ટેબલ અને ટીવી સ્ટેન્ડનાં કુલ કેટલા 'પાયા' હશે?
  5. ચિત્રમાં બધાં મળીને કુલ કેટલા 'હાથ' જોવા મળે છે?

**5. પ્રવૃત્તિ : કોણ બોલશે? તા. જોડીકાર્ય**

- કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી સંવાદ પૂર્ણ કરો અને ભજવો.

  (મારે, આપણે, આપણી, તારા, મારાં, તું)

  બબલુ : ............... ક્યાં જાય છે?

  મોન્ટું : હું ............... કાકાને ઘરે જાઉં છું.

  બબલું : ............... કાકા ક્યાં રહે છે?

  મોન્ટુ : તે ............... શાળાની બાજુમાં રહે છે.

  બબલુ : ............... પણ શાળાએ જવું છે.

  મોન્ટુ : તો ચાલો ...............સાથે જઈએ.

| 6. પ્રવૃત્તિ : છેકી નાખો | તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- "સૌની આસપાસ" પાઠ્યપુસ્તકનાં પાના નં. 108 પરનું ચિત્ર જુઓ અને યોગ્ય ન હોય તે વાક્ય છેકી નાખો.

  1. ચિત્ર નં. 2ની નદીમાં ઓછું પાણી છે.
  2. ચિત્ર નં. 1માં બાળક નદીમાં ડૂબે છે.
  3. પુલ પર ઉભેલા બાળકો ખુશ છે.
  4. ચિત્ર નં. 2માં ગાય પાણીમાં તરે છે.
  5. ચિત્ર નં. 1 કરતાં ચિત્ર નં. 2ના પાણીની ગતિ વધુ છે.

| 7. પ્રવૃત્તિ : જૂથ બનાવો | તા. | જૂથકાર્ય |
|---|---|---|

- નીચે આપેલ યાદીમાંની વસ્તુઓનું 'તહેવાર', 'ફળ', 'શાકભાજી' તથા ઋતુઓ મુજબની વસ્તુઓમાં વર્ગીકરણ કરો.

  (ચશ્માં, સફરજન, દૂધી, કેળાં, રમઝાન, કેરી, પપૈયાં, ઈદેમિલાદ, તરબૂચ, શેરડી, દિવાળી, જામફળ, રીંગણાં, પતેતી, રાસબરી, દાડમ, ભીંડો, પરવળ, કોબીઝ, બટેટા, કારેલાં, બીટ, વટાણા, ડુંગળી, ટમેટાં, જન્માષ્ટમી, રક્ષાબંધન, નાતાલ, નવરાત્રી, ગુવાર, હોળી, દ્રાક્ષ, સ્વેટર, ગાજર, છત્રી, રેઈનકોટ, પંખો, ગરમ સગડી)

| તહેવાર | ફળ | શાકભાજી | ઋતુઓ મુજબની વસ્તુઓ |
|---|---|---|---|
| દિવાળી | દાડમ | બટેટા | રેઈનકોટ |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## 8. પ્રવૃત્તિ : બોલો હું કોણ? તા. જોડીકાર્ય

- તમારા મિત્રને કોયડા પૂછો અને જવાબ મેળવો.

| | |
|---|---|
| નાની શી છોકરી<br>સાત સાડલા પહેરે. | ગોળગોળ ફરતી જાય,<br>ફરતી ફરતી ગાતી જાય,<br>દાણા દાણા ખાતી જાય,<br>તોય ન એનું પેટ ભરાય. |
| ચાર ખૂણાનું ચોકઠું,<br>અધ્ધર ઉડ્યે જાય,<br>રાજા પૂછે રાણીને,<br>કયું જનાવર જાય? | સવાર સાંજ વધતો જાઉં,<br>ભર બપોરે ઘટતો જાઉં,<br>સાથે સાથે ચાલું છું,<br>ક્યારેય નહીં હું થાકું છું. |
| એક જ જગ્યાએ મારો નિવાસ,<br>ઊભો રહેતો દિવસ રાત,<br>પગથી ભોજન લઉં છું,<br>છે ને મજાની વાત. | આંખો પર વસતા ને,<br>સૌને રાખે હસતાં.<br>દૂર-નજીકનું જોઈ લઈને,<br>કદી ન પાછા ખસતા. |

## પાંચમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : અધૂરી વાર્તા તા. જૂથકાર્ય

- વાર્તાનો શરૂઆતનો ભાગ વાંચો. તમારા મિત્રો સાથે ચર્ચા કરી અધૂરી વાર્તા પૂરી કરો અને વર્ગ સમક્ષ કહો.

  વાર્તા : સુંદરપુર નગરમાં પરાક્રમસિંહ નામે રાજા રાજ્ય કરતો હતો. તે જંગલમાં શિકાર કરવા નીકળ્યો. તે ઘોડો દોડાવ્યે જતો હતો, ત્યારે રસ્તામાં એક તળાવ આવ્યું. તળાવના કાંઠે એક વડલાનું વૃક્ષ હતું. તે ઘોડાને પાણી પાઈ છાંયડા નીચે આરામ કરવા લાગ્યો. તેને ઊંઘ આવી ગઈ. તેને સપનું આવ્યું કે …

### 2. પ્રવૃત્તિ : ઘટનાક્રમ તા. વ્યક્તિગતકાર્ય

- આપેલાં વાક્યોને ક્રમમાં ગોઠવો.

  વાક્યો :

  - પછી તેને માર્કેટયાર્ડમાં મોકલવામાં આવે છે.
  - આ ઢગલામાંથી ગુણવત્તા મુજબ કેરીઓને બોક્સમાં પેક કરવામાં આવે છે.
  - કેરીઓને આંબા પરથી ઊતારી ઢગલો કરવામાં આવે છે.
  - વસંત ઋતુમાં આંબા પર સૌ પ્રથમ મોર-ફૂલ આવે છે.
  - મોર-ફૂલમાંથી મોટી મોટી કેરીઓ થાય છે.

1. ……………………………………………………………
2. ……………………………………………………………
3. ……………………………………………………………
4. ……………………………………………………………
5. ……………………………………………………………

## 3. પ્રવૃત્તિ : જોડકાં જોડો તા. જોડીકાર્ય

- આકૃતિ જોઈ પ્રશ્નોની ચર્ચા કરો.



પ્રશ્નો :

1. કુલ કેટલી દીવાસળીનો ઉપયોગ કરીને ઉપરનો આકાર બનાવ્યો છે?
2. આકારમાં કુલ કેટલા ત્રિકોણ બને છે?
3. ઉપરના આકાર માટે નીચેનામાંથી વધુ યોગ્ય શું ગણાશે?

   A.બાજુ બાજુમાં ગોઠવેલા બે ત્રિકોણાકાર પ્યાલા.

   B. ઘર

   C. ઊડતું પક્ષી
4. આકારમાં કુલ કેટલા ખૂણાઓ દર્શાવી શકાય?
5. ઘરનો આકાર બનાવવા કેટલી દીવાસળીઓ દૂર કરવી પડશે?

## 4. પ્રવૃત્તિ : તાલી પાડો તા. વ્યક્તિગતકાર્ય

- નીચેનો ફકરો વાંચો અને જ્યાં ‘જ’ આવે ત્યાં તાલી પાડો.

ફકરો : એક મોટું જંગલ હતું. તેમાં જુદાં જુદાં જાનવરો રહેતાં હતાં. જેમાં વાઘ, સિંહ, દીપડો, જિરાફ, સસલાં અને જંગલી કૂતરાઓ રહેતા હતા. એક વખત જંગલમાં જલસા પાર્ટીનું આયોજન થયું, તેમાં બધાં પ્રાણીઓ ભેગાં થયાં. જલસા પાર્ટીમાં લાડુ, જલેબી, જાંબુ, પૂરણપોળી જેવી મીઠાઈઓ હતી. જમવામાં બધાને ખૂબ મજા પડી.

## 5. પ્રવૃત્તિ : વાતો કરીએ  તા.  જોડીકાર્ય

- સંવાદને યોગ્ય ક્રમ આપી, ફરીથી વાંચો અને ભજવો.

સંવાદ :

1. બાળક : કારણ કે મારે કેરી જોઈએ છે. ☐
2. જ્યુસ : તને હું કેમ જોઈએ છે? ☐
3. કેરી : તને હું કેમ જોઈએ છે? ☐
4. બાળક : કારણ કે હું જ્યુસ બનાવવા ઈચ્છું છું. ☐
5. બાળક : કારણ કે તારામાં વિટામીન A છે. ☐
6. આંબો : તું અહીં શું કામ આવ્યો છે ? ☐
7. વિટામીન A: તને હું કેમ જોઈએ છે ? ☐
8. બાળક : કારણ કે તું તંદુરસ્તી આપે છે. ☐
9. આંબો : તો કેરી લઈ લે. ☐

## 6. પ્રવૃત્તિ : નકશો  તા.  જોડીકાર્ય

- ગણિત-ગમ્મત પાઠ્યપુસ્તકના પાન નં. 121 પરનો નકશો જુઓ અને પ્રશ્નોના જવાબ નોંધો.

1. ગુજરાતની પશ્ચિમ દિશામાં .............. સમુદ્ર આવેલ છે.
2. પોર્ટબ્લેર ...............ની ખાડીમાં આવેલ છે.
3. મધ્યપ્રદેશને ............... રાજ્યોની સીમાઓ અડે છે. (પાંચ, છ, સાત)
4. કેરાલાને ............... અને .............. રાજ્યોની સીમાઓ અડે છે.
5. કયાં રાજ્યનું ક્ષેત્રફળ સૌથી વધુ છે? -અનુમાન કરો.
6. દક્ષિણ ભારતમાં કયા –કયા રાજ્યો આવેલાં છે?
7. જે રાજ્યોની સીમાઓ દરિયાને અડકતી હોય તેવાં રાજ્યો શોધીને મિત્રો સાથે ચર્ચા કરો.
8. એકદમ પૂર્વમાં આવેલ સાત રાજ્યો શોધીને તેની ચર્ચા તમારા મિત્રો સાથે કરો.

## 7. પ્રવૃત્તિ : યાદી બનાવો          તા.          વ્યક્તિગતકાર્ય

- દરેક વિદ્યાર્થી પોતાનાં મિત્ર, ગામ તથા શાળાની ગમતી અને ન ગમતી બાબતોની યાદી બનાવો. તેમાંથી કેટલાકને વર્ગ સમક્ષ બોલવાનું કહો.

| ગમતી બાબતો | ન ગમતી બાબતો |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

## 8. પ્રવૃત્તિ : દફતર યાદી બનાવીએ          તા.          જૂથકાર્ય

- દરેકના દફતરમાંથી મળેલી વસ્તુઓની યાદી બનાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

એવી કઈ વસ્તુ મળી કે જે કોઈ એકના જ દફતરમાંથી મળી હોય.

.......................................................................................

મળેલ વસ્તુના શબ્દનો ઉપયોગ કરી બે વાક્યો બનાવો.

1) .................................................................................

2) .................................................................................

## છઠ્ઠું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : સંવાદ તા. જોડીકાર્ય

- કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી સંવાદ પૂર્ણ કરો અને ભજવો.

(લાઈબ્રેરી ક્યાં છે?, તેની સાથે કોણ જવાનું છે?, તમારી બહેન કયા ધોરણમાં ભણે છે?, તમારો ભાઈ ક્યાં છે?, તમારો ભાઈ લાઈબ્રેરીએ કઈ રીતે જવાનો છે?)

શ્લોક : કેમ છે, મંત્ર?

મંત્ર : મજામાં, તું કેમ છો?

શ્લોક : હું મજામાં છું. .........................

મંત્ર : તે લાઈબ્રેરીમાં છે.

શ્લોક : .........................

મંત્ર : તે શોપિંગ સેન્ટરની બાજુમાં છે.

શ્લોક : .........................

મંત્ર : તે સાઈકલ લઈ જશે?

શ્લોક : .........................

મંત્ર : મારી બહેન

શ્લોક : .........................

મંત્ર : તે પાંચમા ધોરણમાં ભણે છે.

શ્લોક : સારું આવજે.

### 2. પ્રવૃત્તિ : ચાલો ભજવીએ તા. જૂથકાર્ય

- ''ગણિત-ગમ્મત'' પાઠ્યપુસ્તકના પાન નંબર 16 પરનો ફકરો ''રોહિણી અને મોહિની જોડિયા .......... રોહિણી – તેમાં છ બાજુઓ છે.'' સુધી વાંચો અને ચર્ચા કરો

પ્રશ્ન :

1. શૈલાની જોડિયા બહેન કોણ છે?
2. કોની આકૃતિ જોયા વગર મોહિની આકૃતિ બનાવશે?
3. શૈલાએ મોહિનીને પડકારમાં એક સરળતા કરી આપી, તે કઈ ?
4. મોહિનીએ કોને પ્રશ્ન પૂછી આકૃતિ બનાવવાનો પ્રયત્ન કર્યો ?
5. મોહિનીએ કયા કયા પ્રશ્નો પૂછ્યા ?

6. કોઈ એક બંધ આકૃતિનો આકાર દર્શાવો.
7. કોઈ એક ખુલ્લી આકૃતિનો આકાર દર્શાવો.

## 3. પ્રવૃત્તિ : નકશો વાંચો તા. જોડીકાર્ય

- "ગણિત-ગમ્મત" પાઠ્યપુસ્તકના પાના નં. 113 પર નકશો જુઓ અને ખોટાં વિધાન છેકી નાખો.
  1. રાજપથ અને જનપથ કાટખૂણે મળે છે
  2. રાજપથ પર ચાર ચોક પડે છે.
  3. રાષ્ટ્રપતિ ભવન અને નેશનલ સ્ટેડિયમ એક બીજાથી વિરુદ્ધ દિશામાં આવેલાં છે.
  4. જનપથ તિલક માર્ગ પર આવેલો છે.
  5. કસ્તૂરબા ગાંધી માર્ગથી જનપથ રોડ પર જવું હોય તો ચાર વખત વળવું પડે.

## 4. પ્રવૃત્તિ : રોજનીશી તા. જૂથકાર્ય

- ડૉક્ટર ડુક્કરભાઈ તથા સરપંચ સિંહભાઈની એક દિવસની રોજનીશી પરથી પ્રશ્નોની ચર્ચા કરો.

| તારીખ : 26/01/2019 | |
|---|---|
| ડૉક્ટર ડુક્કરભાઈ... | સરપંચ સિંહભાઈ... |
| o આજે હાઈસ્કૂલમાં ધ્વજવંદન કર્યું.<br>o ભાષણ કર્યું.<br>o આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી.<br>o અન્ય રીતે સક્ષમ બાળકો સાથે વાતો કરી.<br>o મકોડીબહેનનું ઓપરેશન કર્યું. | o આજે પ્રાથમિક શાળામાં ધ્વજવંદન કર્યું.<br>o બાળકોને મીઠાઈ વહેંચી.<br>o પંચાયતભવનમાં બેઠક કરી.<br>o શાળાનાં શિક્ષકો અને આચાર્ય સાથે મિટીંગ કરી.<br>o ગાયબહેનની ગમાણનું ઉદ્‌ઘાટન કર્યું. |

પ્રશ્નો :

1. ડૉક્ટર ડુક્કરભાઈ તથા સરપંચ સિંહભાઈએ કયાં પ્રસંગે ધ્વજવંદન કર્યું?
2. ડૉક્ટર ડુક્કરભાઈ તથા સરપંચ સિહંભાઈએ કયાં વિષય પર ભાષણ કર્યું હશે? મુદ્દાઓ જૂથમાં મિત્રો સાથે ચર્ચા કરો.
3. અન્ય રીતે સક્ષમ બાળકો એટલે કેવાં બાળકો?
4. મકોડીબહેનને શાનું ઓપરેશન કર્યું હશે? - કલ્પના કરો.
5. શાળાના આચાર્ય સાથે સરપંચે કઈ કઈ સમસ્યાઓની ચર્ચા કરી હશે? - ચર્ચા કરો.

## 5. પ્રવૃત્તિ : હું અને મારો ભાઈબંધ તા. જોડીકાર્ય

- તમારા મિત્ર સાથે ચર્ચા કરી તમારી તથા તમારા મિત્રની પસંદગી લખો અને ફકરો ફરીથી વાંચો.

હું અને ............... (તમારા મિત્રનું નામ લખો.) ............... મિત્રો છીએ. મને ............... અને મિત્રને ............... રમત ખૂબ પસંદ છે. મને દિવાળી અને ...............(અહીં મિત્રનું નામ)ને ............... ગમે છે. મને ...............બનાવવા તથા ...............(અહીં મિત્રનું નામ)ને ............... બનાવવું ખૂબ પસંદ છે. મને ...............મીઠાઈ અને ...............ને મીઠાઈ ખૂબ ભાવે.

## 6. પ્રવૃત્તિ : કોનો સ્વાદ કયો? તા. જોડીકાર્ય

- યાદીમાંથી સ્વાદ મુજબ વસ્તુઓનું વર્ગીકરણ કરો.

(લાડવા, મરચાં, મીઠું, હળદર, મેથી, રાઈ, આંબલી, જીરું, લીંબુ, ટમેટાં, કોકમ, કાચી કેરી, મરી, આદુ, અજમો, તજ, લવિંગ, કઠોળ, કેરીની ગોટલી, સોપારી, કારેલાં)

| ગળ્યો | ખારો | ખાટો | તીખો | તૂરો | કડવો |
|---|---|---|---|---|---|
| લાડવા | મીઠું | લીંબુ | મરચું | કઠોળ | કારેલાં |
| | | | | | |
| | | | | | |

પ્રશ્ન : તમને કયો સ્વાદ સૌથી વધુ પસંદ છે? - તેની જૂથમાં ચર્ચા કરો.

## 7. પ્રવૃત્તિ : ચિત્ર પરથી તુલના તા. વ્યક્તિગતકાર્ય

- નીચે આપેલ ચિત્રનાં આધારે તુલના કરતાં વિધાનો આપેલ છે. જે છોકરી માટે લાગુ પડતાં હોય તેની નીચે વાક્યો લખો.



| | |
|---|---|
| છોકરીનું મોઢું લાંબું છે. | સલવાર પહેરેલ છે. |
| છોકરીના વાળ ટૂંકા ગૂંચળિયા છે. | છોકરીના વાળ લાંબા અને સીધા છે. |
| છોકરી નીચી છે. | છોકરી જાડી છે. |
| છોકરી દુબળી છે. | છોકરી લાંબી છે. |
| છોકરીએ ઝાંઝર પહેર્યાં છે. | છોકરીના હાથમાં ઘડિયાળ છે. |
| છોકરીએ ફ્રોક પહેર્યું છે. | છોકરીનું મોઢું ગોળ છે. |

## 8. પ્રવૃત્તિ : વાક્ય લંબાવો તા. જૂથકાર્ય

- વાક્ય વાંચો. તેમાં નવા શબ્દો ઉમેરી વાક્ય લંબાવો. જૂથનો દરેક સભ્ય એક શબ્દ ઉમેરી વાક્યને લંબાવો.
- ઉદાહરણ :
  - o કારમાં ટાયર છે.
  - o <u>વાદળી</u> કારમાં ટાયર છે.
  - o વાદળી કારમાં <u>ચાર</u> ટાયર છે.

  વાક્યો :

  1. વાંદરાએ સિંહને લાફો માર્યો.
  2. કીડી અને હાથી ફરવા ચાલ્યા.
  3. બિલાડાએ ખાંડ ઢોળી.
  4. હાથી ખીર પી ગયો.
  5. અળસિયું આળસ મરડે છે.

# સાતમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : તમારી શક્તિ તપાસો　　　તા.　　　વ્યક્તિગતકાર્ય

- તમે જે કરી ન શકો અને તમે જે કરી શકો તેની મિત્રો સાથે ચર્ચા કરો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

1. સવારે 5 વાગે ઊઠી શકું.
2. પાંચ કિલોમીટર ચાલી શકું.
3. દસ રોટલી ખાઈ શકું.
4. બે મીટર લાંબો કૂદકો લગાવી શકું.
5. રાત્રે એકલો ખેતરે જઈ શકું.
6. કૂતરાની બાજુમાં બેસી શકું.
7. ભેંસ ઉપર બેસી ગામમાં ફરી શકું.
8. પાંચ લાડવા ખાઈ શકું.
9. ચાલીને એકલો બાપુને ખેતરે ભાત આપવા જઈ શકું.
10. નદી, તળાવ કે કૂવામાં તરી શકું.

## 2. પ્રવૃત્તિ : મેળો　　　તા.　　　જૂથકાર્ય

- ફકરો વાંચી પ્રશ્નોની ચર્ચા કરો.


<u>મહાશિવરાત્રી</u>

મહાશિવરાત્રીનો મેળો જૂનાગઢની ભવનાથ તળેટીમાં યોજાય છે. આ મેળામાં ભાગ લેવા આખા ગુજરાતમાંથી લોકો આવે છે. પાંચ દિવસ સુધી આ મેળો ચાલે છે. છેલ્લા દિવસે નાગા સાધુઓ ગિરનારની તળેટીમાંથી બહાર આવી મૃગીકુંડમાં સ્નાન કરે છે. મેળાની આ જ મજા છે. નાગા સાધુઓને જોવા એ નવીન અનુભવ છે.

1. તમે કોઈ મેળામાં ગયા છો ? - તમારો અનુભવ મિત્રો સાથે ચર્ચો.
2. તમારા વિસ્તારમાં કયા કયા મેળાઓ યોજાય છે ?
3. "મૃગીકુંડમાં સ્નાન કરે છે." વિધાનની તમારા મિત્રો સાથે ચર્ચા કરો.
4. તમારી આજુ બાજુ યોજાતા મેળામાં ક્યા-ક્યા સ્થળેથી લોકો આવે છે?

**3. પ્રવૃત્તિ : આલેખ** **તા.** **જૂથકાર્ય**

- આલેખ પરથી પ્રશ્નોના જવાબ લખો.




પ્રશ્નો :

1. 50 વર્ષથી વધુ સરેરાશ આયુષ્ય હોય તેવું પ્રાણી કયું છે?
2. કયાં પ્રાણીઓના સરેરાશ આયુષ્યમાં દસ વર્ષનો તફાવત છે?
3. સૌથી વધુ અને સૌથી ઓછા સરેરાશ આયુષ્ય વચ્ચેનો તફાવત કેટલો છે?
4. ત્રીસ વર્ષથી ઓછી સરેરાશ આયુષ્યવાળાં પ્રાણીઓ કયાં કયાં છે?
5. કયાં પ્રાણીઓનું સરેરાશ આયુષ્ય સમાન છે?
6. સરેરાશ આયુષ્ય ૩૫ વર્ષથી વધુ હોય તેવાં પ્રાણીઓ કયાં કયાં છે?
7. આપણું સરેરાશ આયુષ્ય કેટલું છે? - અનુમાન કરો.

## 4. પ્રવૃત્તિ : નિમંત્રણકાર્ડ  તા.  જૂથકાર્ય

- નિમંત્રણ કાર્ડ પરથી પ્રશ્નોના જવાબ આપો.

**સ્નેહભર્યું નિમંત્રણ**

સ્નેહી શ્રી, .............................................

સહર્ષ જણાવવાનું કે અમારી શાળામાં કન્યા કેળવણી રથયાત્રા તથા શાળા પ્રવેશોત્સવ તારીખ 11, જૂન-2020ને ગુરુવારના રોજ યોજાનાર છે. જીવનમાં શિક્ષણનું પ્રથમ સોપાન કંડારવા જઈ રહેલાં ભૂલકાંઓના આ કાર્યક્રમમાં સહભાગી થવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

આ સાથે બાળમેળો તથા જીવન કૌશલ્યની પ્રવૃત્તિ બાળકો દ્વારા જ યોજાનાર છે. જેમાં બાળકો દ્વારા બનાવેલ સર્જનાત્મક કૃતિઓનું પ્રદર્શન પણ રાખવામાં આવેલ છે. જે નિહાળવા આપશ્રીને સ્નેહભર્યું આમંત્રણ છે .

સ્થળ : શ્રી બાખલવડ પ્રાથમિક શાળા, તા. જસદણ, જિ. રાજકોટ
તારીખ : 11, જૂન-2020
સમય સવારે 9 કલાકે

**નિમંત્રક**
**બાખલવડ પ્રાથમિક શાળા પરિવાર**

પ્રશ્નો :

1. શાળા પ્રવેશોત્સવ એટલે શું ? તેની ચર્ચા તમારા મિત્રો સાથે કરો.
2. શાળા પ્રવેશોત્સવ દરમિયાન તમારી શાળામાં તમે કેવી કેવી પ્રવૃત્તિઓ કરો છો?
3. ‘‘પ્રથમ સોપાન કંડારવા જઈ રહેલાં ભૂલકાઓના આ કાર્યક્રમમાં સહભાગી થવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.’’ આ વિધાન પરથી કહો કે આ કોના માટેનો કાર્યક્રમ છે ? આ કાર્યક્રમ કોના દ્વારા નિમંત્રિત છે?
4. જેને કાર્ડ આપવાનું છે તેનાં સંબોધન માટે કયો શબ્દ કાર્ડમાં લખવામાં આવ્યો છે?
5. શાળા પ્રવેશોત્સવના દિવસે શાળામાં કયા કયા કાર્યક્રમો યોજાશે તેનું આયોજન બનાવો.

## 5. પ્રવૃત્તિ : જવાબ પરથી પ્રશ્નો બનાવો. તા. વ્યક્તિગતકાર્ય

- વાક્યો વાંચો. લીટી કરેલ શબ્દ જવાબ તરીકે મળે તેવા પ્રશ્નો બનાવી વર્ગ સમક્ષ રજૂ કરો.
  1. મિન્ટુ માછલીને <u>ખાવાનું</u> આપે છે.
  2. <u>સિંહ</u> કીડીને સલાહ આપવા ગયો.
  3. સોનલ <u>હિંચકા પરથી</u> પડી.
  4. ખટમલલાલ <u>સવારે</u> લોહીને બદલે દૂધ પીવે છે.
  5. ટપોરીમલે <u>પાંચ</u> મચ્છર માર્યા.
  6. લપલપિયો કાચબો <u>પાણીમાં</u> તરે છે.

## 6. પ્રવૃત્તિ : સાચું રાખો તા. જૂથકાર્ય

- ધોરણ-5ની ‘‘સૌની આસપાસ’’ પાઠ્યપુસ્તકના પાન નંબર – III પરનું ચિત્ર જુઓ અને ખોટાં વિધાનો છેકી નાખો.
  1. ટીવીની પીન પ્લગમાં ભરાવેલ છે.
  2. દીવાલ પર પંખો, સ્વીચબોર્ડ અને ટીવી છે.
  3. સોફા પર ત્રણ વ્યક્તિઓ બેઠી છે.
  4. ચિત્રમાં કુલ નવ પાયા દેખાય છે.
  5. આ ચિત્રમાં ઈલેક્ટ્રિકથી ચાલતી પાંચ વસ્તુઓ છે.

## 7. પ્રવૃત્તિ : રજાની મજા તા. વ્યક્તિગતકાર્ય

- પત્ર વાંચી પ્રશ્નોના જવાબ આપો.

પત્ર :

**અજમેર**

**દિનાંક : 07/05/2018**

**વહાલી મોટીબેન શબાના,**

**હેલ્લો,**

તમે કેમ છો? હું અહીં મજામાં છું. મોટી બેન, મારી રજાઓ આજથી શરૂ થાય છે. હું આપણી નાનીના ઘરે 10/05/2018ના રોજ જવાનો છું. હું 20/05/2018ના રોજ પાછો આવીશ. મારી શાળા 04/06/2018ના રોજ ફરીથી ખુલશે. તમારે ક્યારે રજાઓ પડે છે? તમે અહીં ન આવી શકો? આપણે ખૂબ મઝા કરીશું.

આવજો.

**અલી**

પ્રશ્નો :

1. અલીની રજા કયા દિવસથી શરૂ થાય છે ?
2. અલી નાનીના ઘરે કેટલા દિવસ રોકાશે ?
3. શબાના અને અલીમાં કોણ નાનું છે ?
4. અલીની શાળા કયા મહિનામાં ખુલશે ?
5. અલી કેટલા દિવસ પછી નાનીના ઘરે જવાનો છે ?

**8. પ્રવૃત્તિ : સ્વાદ અને રંગ** **તા.** જોડીકાર્ય

- કૌંસમાંથી વસ્તુ પસંદ કરી તેનું નામ કોષ્ટકના ખાના નંબર ૨ માં લખો. કોષ્ટકનાં ખાનાં નંબર ૩માં વસ્તુનો રંગ લખો.

(મીઠું, હળદર, સફેદ, લાલ, કારેલું, કથ્થઈ, લવિંગ, પીળું, પાકાં ચણીબોર, લીલો, પાકાં આંબલીના કાતરા, કાળુ)

| વસ્તુનો સ્વાદ | વસ્તુનું નામ | વસ્તુનો રંગ |
|---|---|---|
| ખારું | મીઠું | સફેદ |
| તૂરું | | |
| ગળ્યું | | |
| તીખું | | |
| ખાટું | | |
| કડવું | | |

# આઠમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : તમારી શક્તિ તપાસો    તા.    વ્યક્તિગતકાર્ય

- અંદાજ અપના-અપના

શિક્ષક માટે

- કોઈ એક બાળકની પીઠ પાછળ ચિત્ર લગાવવું.
- તે બાળકને વિદ્યાર્થીઓ સામે પીઠ બતાવીને ઊભો રાખવો.
- વિદ્યાર્થી ચિત્રનો જવાબ મેળવવા જુદાં-જુદાં વિધાનો કરી વર્ગનાં બાળકોને પ્રશ્નો પૂછશે / વર્ણન કરશે.
- જ્યાં સુધી ઉત્તર ન મળે ત્યાં સુધી કાર્ય ચાલુ રહેશે.

  ઉદા. કાગડાનું ચિત્ર

  1. શું એ પક્ષી છે?
  2. તેનો રંગ લીલો છે?
  3. તેનો રંગ કાળો છે?
  4. તેનો અવાજ સૌને ગમે છે?

## 2. પ્રવૃત્તિ : વાક્યરચના    તા.    વ્યક્તિગતકાર્ય

- શબ્દોનો ઉપયોગ કરી ઉદાહરણ મુજબ વાક્ય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

  1. **ભીની માટી** : ભીની માટીમાં ચાલીએ તો પગ ગારાવાળા થાય.
  2. મોટી બારી : ..........................................................
  3. ____ટેબલ : ..........................................................
  4. ____સાડી : ..........................................................
  5. ____ગાલ : ..........................................................
  6. ____ચોટલો : ..........................................................
  7. ____બગલા : ..........................................................
  8. ____મિત્રો : ..........................................................
  9. ____ગાય : ..........................................................
  10. ____વિચાર : ..........................................................

## 3. પ્રવૃત્તિ : બિલ          તા.          જૂથકાર્ય

- બિલ પરથી પ્રશ્નોના જવાબ આપો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કેશ મેમો<br>**ગોપાલ સ્ટેશનરી એન્ડ ઝેરોક્સ**<br>જલારામ માર્ગ<br>જસદણ<br>રજિસ્ટર નંબર M/12458 | | | | | |
| તારીખ : 20/07/2019 | | | | | |
| | | | | | |
| શ્રી/શ્રીમતી : ભારતી લક્ષ્મણભાઈ ખીસડિયા | | | | | |
| | | | | | |
| **ક્રમ** | **વિગત** | **ભાવ રૂપિયા** | **જથ્થો** | **રકમ રૂપિયા** | |
| 1 | નોટબુક | 15 | 1 ડઝન | 180 | 00 |
| 2 | કંપાસ બોક્સ | 60 | 2 નંગ | 120 | 00 |
| 3 | સ્કેચ પેન | 20 | 3 પેકેટ | 60 | 00 |
| 4 | માર્કર પેન | 10 | 5 નંગ | 50 | 00 |
| 5 | સ્ટેપલર | 40 | 1 નંગ | 40 | 00 |
| | કુલ ચારસો પચાસ રૂપિયા પૂરા. | | | 450 | 00 |

પ્રશ્નો

1. દસ નોટબુકની કિંમત કેટલી થાય?
2. સ્કેચપેન કરતાં સ્ટેપલરનો ભાવ કેટલો વધુ થશે?
3. આ બિલ કયા મહિનાનું છે?
4. સૌથી વધુ ભાવ કઈ વસ્તુનો છે?
5. ભારતીએ બિલ ચૂકવવા પાંચસોની એક નોટ આપી તો વેપારી કેટલા રૂપિયા પરત આપશે?
6. જો ભારતીને દોઢ ડઝન નોટબુક ખરીદવી હોય તો કેટલા રૂપિયા વધુ ચૂકવવા પડશે?

## 4. પ્રવૃત્તિ : શબ્દ સાંકળ          તા.          જૂથકાર્ય

- તમારા જૂથના મિત્રો સાથે વર્તુળમાં બેસો.
- પ્રવૃત્તિની શરૂઆત કોણ કરશે તે નક્કી કરો.
- શરૂઆત કરનાર હું કહું તે શબ્દ અને તેના જેવો એક શબ્દ બોલશે. ઉદા. ‘ગામ’ – ‘ડામ’
- તેની બાજુમાં બેઠેલ વિદ્યાર્થી ‘ગામ’ તથા ‘ડામ’ના પ્રાસવાળો કોઈ એક શબ્દ ઉમેરીને બોલશે. ઉદા. ‘ગામ’, ‘ડામ’, ‘નામ’

- આ રીતે વર્તુળમાં ઝડપથી પ્રાસયુક્ત શબ્દ બોલતા જાઓ. (ઉદા. ગામ, ડામ, નામ, જામ, બામ, કામ, દામ, રામ)
- જે વિદ્યાર્થી પ્રાસયુક્ત શબ્દ-સાંકળ આગળ વધારી ન શકે તે આઉટ.
- બધા આઉટ થાય ત્યાં સુધી આ રમત રમો.
- ત્યારબાદ નવો શબ્દ લઈ છેલ્લો આઉટ થયેલો વિદ્યાર્થી ફરીથી રમત શરૂ કરશે.

**5. પ્રવૃત્તિ : પહેલાં અને પછી તા. જૂથકાર્ય**

- માટલું બનાવવાની પ્રક્રિયા યોગ્ય ક્રમમાં ગોઠવો.

વિધાનો :

1. આ માટલાને રંગ ચડાવીને રંગીન બનાવ્યું.
2. તેણે આ નાનકડું માટલું ખરીદ્યું.
3. કુંભાર દરરોજ તળાવમાંથી માટી લાવે છે.
4. એક દિવસ તેમણે નાનકડું માટલું બનાવ્યું.
5. અને તેમાંથી માટલાં, કોડિયા બનાવે છે.
6. આ માટલું વેચવા માટે તેણે દુકાને મૂક્યું.
7. રમેશભાઈ ત્યાંથી પસાર થયા.

**6. પ્રવૃત્તિ : ટિકિટ વાંચન તા. વ્યક્તિગતકાર્ય**

- હિન્દીના પાઠ્યપુસ્તકનાં પાન નં. 4 પરની ટિકિટ જુઓ. જમણી બાજુ બસની અને ડાબી બાજુ ટ્રેનની ટિકિટ આપેલ છે. ટિકિટનો અભ્યાસ કરો અને ખોટાં વિધાન છેકી નાખો.

1. બસની ટિકિટ બે વ્યક્તિ માટે છે.
2. આ ટિકિટવાળાએ ડિસેમ્બર મહિનામાં મુસાફરી કરેલ છે.
3. ટ્રેન અને બસની ટિકિટના કુલ 296 રૂપિયા થાય છે.
4. બસની મુસાફરીનું અંતર 90 કિમી થાય છે.
5. બસ અને ટ્રેનની મુસાફરી એક જ મહિનામાં થાય છે.
6. બસની ત્રણ વ્યક્તિની ટિકિટ લેવાની હોય તો 270 રૂપિયા થાય.

**7. પ્રવૃત્તિ : શ્રુતલેખન** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- તમારા શિક્ષક બોલે તે લખો અને લખાઈ ગયા પછી પ્રશ્નના જવાબ નોંધો. (હિન્દી પાઠ્યપુસ્તક દ્વિતીય સત્ર પાના નં. ૭૫ પરથી 'एक समय की बात है......... लडका "जी हां" ' સુધીનું શ્રુતલેખન કરાવો.)

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

પ્રશ્નો :

1. "શું તારી પાસે ચાલીશ અશરફીઓ છે?" આ વિધાન કોણ બોલે છે?

..........................................................................

2. બાળકની ઉંમર કેટલી હશે?

..........................................................................

**8. પ્રવૃત્તિ : વાર્તા લેખન** **તા.** **જોડીકાર્ય**

- હિન્દીના પાઠ્યપુસ્તકના પાના નં. 104 પર વાર્તાનાં ચિત્રો અને વાક્યો આપેલાં છે તે વાંચો અને ગુજરાતીમાં વાર્તા લખો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

# નવમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : સમયપત્રક ता. જોડીકાર્ય

- ગોરખપુર – ઓખા ટ્રેનના સમયપત્રક પરથી જવાબોની ચર્ચા કરો.

| ગોરખપુર-ઓખા એક્સપ્રેસ | | |
|---|---|---|
| સ્થળ | આવવાનો સમય | જવાનો સમય |
| અમદાવાદ | 06:00 PM | 06:20 PM |
| વિરમગામ | 07:25 PM | 07:29 PM |
| સુરેન્દ્રનગર | 08:32 PM | 08:34 PM |
| વાંકાનેર | 10:00 PM | 10:20 PM |
| રાજકોટ | 11:00 PM | 11:05 PM |
| જામનગર | 00:30 AM | 00:32 AM |
| દ્વારકા | 03:27 AM | 03:29 AM |
| ઓખા | 04:20 AM | |

પ્રશ્નો

1. કયાં બે સ્થળ વચ્ચે પહોંચવામાં સૌથી ઓછો સમય લાગે છે?
2. વાંકાનેરથી રાજકોટ પહોંચતાં કેટલો સમય લાગશે?
3. રાત્રે સાડાબારે ટ્રેન કયા સ્થળે પહોંચશે?
4. કયાં સ્ટેશને ટ્રેન લાંબો સમય થોભે છે?
5. માત્ર બે મિનિટ ટ્રેન થોભતી હોય તેવાં સ્ટેશન કયાં કયાં છે?

## 2. પ્રવૃત્તિ : સરખા અર્થવાળા વાક્યો જોડો ता. જૂથકાર્ય

- વાક્યો વાંચી તેના જેવા જ અર્થવાળાં વાક્યો શોધો.
  - o વોલ્ટર લકવાની ઘેરી અસરમાંથી બહાર આવ્યો.
    1. વોલ્ટરને લકવાની ઘેરી અસર હતી.
    2. વોલ્ટરને લકવાનો રોગ મટી ગયો.
    3. વોલ્ટર લકવાના રોગથી પીડાતો હતો.

- મારા પિતાજીને મારો શિક્ષણનો ખર્ચ પરવડે તેમ નથી.
  1. મારા પિતાજી મને શિક્ષણનો ખર્ચ આપતા નથી.
  2. મારા પિતાજીને મારા શિક્ષણનો ખર્ચ પોસાતો નથી.
  3. મારા પિતાજીને મારો શિક્ષણનો ખર્ચ પોસાય છે.
- મારાથી ગફલત થઈ ગઈ છે.
  1. મારી ક્યારેય ભૂલ થાય નહીં.
  2. મેં જાણી જોઈને ભૂલ કરી છે.
  3. મારે કરવી ન હતી પણ મારાથી ભૂલ થઈ ગઈ.
- પરિશ્રમ કરવાથી સફળતા મળે છે.
  1. આળસથી સફળતા મળતી નથી.
  2. ખૂબ પરિશ્રમ કરવાથી જ સફળતા મળે તેવું નથી.
  3. મહેનત ન કરીએ તો સફળ ન થવાય.
- જાતે કામ કરવાથી જ્ઞાનમાં વધારો થાય છે.
  1. બીજા કામ કરે તો જ્ઞાન ન વધે.
  2. જાતે કામ કરવાથી જ્ઞાન ઘટે નહીં.
  3. જાતે કામ કરવાથી સમજ વધે તેવું નથી.

## 3. પ્રવૃત્તિ : કયું વાહન પસંદ કરશો? તા. જોડીકાર્ય

- ધોરણ-5"ગણિત-ગમ્મત" પાન નંબર નવ પર આપેલા કોષ્ટકનો અભ્યાસ કરો. તે પરથી પ્રશ્નોની ચર્ચા કરો અને નોંધો.

  પ્રશ્નો :

  1. છકડા કરતાં ટ્રેક્ટર કેટલું વધારે વજન વહન કરે છે ?
  2. બળદગાડા કરતાં ત્રણ ગણું વજન વહન કરતું વાહન કયું છે ?
  3. ટ્રેક્ટરની ઝડપ દર કલાકે કેટલી છે ?
  4. સૌથી વધારે વજન ઊંચકી શકે અને ઝડપ વધુ હોય તેવું વાહન કયું છે ?
  5. તમારે પાંચસો કિલોગ્રામ વજન લઈ જવું હોય તો કયું વાહન પસંદ કરશો ?
  6. તમારે બાર હજાર કિલોગ્રામ કેરી લઈ જવી હોય તો કેટલી ટ્રકમાં લઈ જશો ?
  7. એક સ્થળેથી બીજા સ્થળે જવામાં વધુ સમય લાગે તેવું વાહન કયું છે ?

| 4. પ્રવૃત્તિ : વાર્તા પૂર્ણ કરો. | તા. | જૂથકાર્ય |
|---|---|---|

- મિત્રો સાથે ચર્ચા કરી રીત-1, રીત-2 અને રીત-3ના ઉપયોગથી વાર્તા પૂર્ણ કરો.
  - o રીત-1
    1. તમારા જૂથના મિત્રો સાથે વર્તુળમાં બેસો.
    2. હું એક વાર્તાની શરૂઆત કરીશ. (ઉદા. એક ગામ હતું. તેમાં ચાર મિત્રો રહેતા હતા. તેમાંથી એકે સિંહ પાળેલો હતો.)
    3. વાર્તામાં આગળ શું બન્યું તે તમારા જૂથના મિત્રો સાથે મળી ચર્ચા કરો.
    4. અંત સુધીની આખી વાર્તા બની જાય ત્યારે વર્ગમાં રજૂ કરો.
  - o રીત-2
    1. હું તમને એક વાર્તામાં છેલ્લે શું બન્યું તે કહીશ. (વાર્તાનો અંત કહેવો ઉદા. ત્યાર પછી હરેશે ક્યારેય જલેબી ખાવાનું નામ ન લીધું)
    2. આ વાર્તાનો અંત છે. તો તેના પરથી શરૂઆતથી લઈ અંત સુધી શું શું બન્યું હશે તેની તમારા જૂથમાં ચર્ચા કરો.
    3. ચર્ચાને અંતે આખી વાર્તા વર્ગમાં રજૂ કરો.
  - o રીત-3
    1. હું તમને એક વાર્તાની શરૂઆત અને અંત કહીશ.
    2. તેના પરથી વચ્ચે શું બન્યું હશે તેની જૂથમાં ચર્ચા કરો
    3. ચર્ચાને અંતે આખી વાર્તા વર્ગમાં રજૂ કરો.

| 5. પ્રવૃત્તિ : ફકરા પરથી પ્રશ્નો | તા. | જોડીકાર્ય |
|---|---|---|

- ''ગણિત-ગમ્મત'' પાન નંબર 2 પરનો ફકરો ''ગુજરાતનાં ગીર-સોમનાથ જિલ્લાનો .......... મોકલવામાં આવે છે.'' વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

  પ્રશ્નો :

  1. કૌંસમાં આપેલ શબ્દોનો ઉપયોગ કરી ફકરો ફરીથી લખો.
     (ખોખા, પાટનગર, ફૂલ, જગવિખ્યાત, અનુકૂળ, ભૂમિ, પ્રદેશ)
  2. આ ફકરામાં એક કહેવત લખેલી છે તેની નીચે લીટી દોરો.
  3. 'ગુણવત્તા મુજબ કેરીઓને બોક્સમાં પેક કરવી' એટલે શું?
  4. કેરીના ઉત્પાદનને ધ્યામાં રાખી દરેક શબ્દની આગળ આપેલા ☐માં યોગ્ય ક્રમ દર્શાવો.

☐ માર્કેટયાર્ડ

☐ મોર-ફૂલ

☐ આંબાનો છોડ

☐ આંબાનું વૃક્ષ

☐ કેરી

☐ ગોટલી (બીજ)

| **6. પ્રવૃત્તિ : ચિત્ર જૂઓ** | **તા.** | **જોડીકાર્ય** |
|---|---|---|

- ચિત્ર પરથી પ્રશ્નોના જવાબ આપો. ચિત્ર માટે ધોરણ-5નાં ''સૌની આસપાસ''ના પાન નંબર 62 પરનું ચિત્ર જૂઓ.

  પ્રશ્નો :

  1. ચિત્રમાં કઈ કઈ વસ્તુઓની સંખ્યા સરખી છે?

  ..........................................................................

  2. બહેનની પાછળ દેખાતી વસ્તુઓ કઈ કઈ છે?

  ..........................................................................

  3. કૂકરમાં શું હશે? અનુમાન કરો.

  ..........................................................................

  4. સ્ટીલનાં ડબ્બાઓમાં શું ભર્યું હશે? કલ્પના કરો.

  ..........................................................................

  5. ચિત્રમાં પાયાવાળી વસ્તુઓ કઈ કઈ છે? કુલ કેટલા પાયા દેખાય છે?

  ..........................................................................

## 7. પ્રવૃત્તિ : શબ્દસમૂહ તા. જૂથકાર્ય

- આપેલ શબ્દો માટે કૌંસમાંથી યોગ્ય શબ્દ સમૂહનો ક્રમ નોંધો.

(1-અક્ષયપાત્ર, 2-ફેરિયો, 3-આશ્રમ, 4-તકલાદી, 5-અદ્રશ્ય, 6-માસિક, 7-નટ, 8-શિરામણ, 9-ઉપવાસ, 10-ડબગર)

1. વાજિંત્રો પર ચામડા મઢનાર : ____________
2. સવારનો નાસ્તો : ____________
3. મહિને પ્રગટ થતું પત્ર : ____________
4. આહાર બંધ કરવો તે : ____________
5. જેમાંથી વસ્તુ ખૂટે નહીં તેવું પાત્ર : ____________
6. વનમાં ઋષિમુનિઓનું નિવાસસ્થાન : ____________
7. મજબૂત કે ટકાઉ ન હોય તેવું : ____________
8. છૂટક વ્યાપાર કરનાર : ____________
9. દોરડા પર ચાલનાર : ____________
10. દેખાતું બંધ થઈ જવું : ____________

## 8. પ્રવૃત્તિ : શબ્દ શતરંજ તા. જોડીકાર્ય

- ચોરસ ખાનામાંથી ફળોનાં નામ શોધો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રૂ | પી | ચ | ત્ર | બ | વ | લિ | ચી | ઠ | મ | વ | દ |
| બ | સ | ફ | ર | જ | ન | જ્ઞ | કુ | ના | શ્ર | પ | સ |
| મ | જ | દ | હ | ર | ઉ | ધ | રી | સ | ઈ | છ | ક્ક |
| અં | જી | ર | થ | ગ | કે | ળાં | ગ | પ | યૈ | યું | ર |
| ધ | દ્રા | ક્ષ | જ | ચે | રી | ગ | છ | તી | ખ | ઠ | ટે |
| સ્પ | જા | છ | ધ | ત | જ | ય | ખ | શ | ફ | મ | ટી |
| ભ | મ | ય | અ | ક્ષ | શ્ર | શ્વ | ના | ળિ | યે | ર | ચ |
| સ | ફ | લ | ના | સ | સ | ઈ | ળ | સં | ત | રું | સી |
| ઝ | ળ | રી | તાં | ન | થ | બ | વ | દા | ડ | મ | ના |
| સ્ટ્રો | બે | રી | બુ | છ | સ | ઠ | ક્ષ | સ | બૂ | મ | ફ |
| મ | રું | વ | થ | સી | ડ | પ્લ | ઘ | ષ | ચ | અ | ળ |
| મો | સં | બી | ફ | દ | જ | મ | રૂ | ખ | ધ | રૂ | છ |

## દસમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : વિચારગોષ્ઠી – જો હું પક્ષી - પ્રાણી હોઉં તો...? તા. જૂથકાર્ય

- મોર, વાઘ, કૂતરો, ચકલી, સિંહ, હાથી, બળદ, ઘોડો, ગધેડો, સુવર આ પ્રાણી કે પક્ષીમાંથી તમારું જૂથ કોઈ પણ એક પ્રાણી કે પક્ષી બની આખો દિવસ શું કરશે તેની ચર્ચા કરો અને ત્યારબાદ જૂથમાં રજૂ કરો.
  - o ચાલો, તમે તમારા મનમાં ધારી લો કે, તમે કોઈ પ્રાણી કે પક્ષી છો. હવે તમે ધારી લો કે, જો હું ચકલી હોઉં તો…?
  - o હવે તમે ધારી લો કે, જો હું સિંહ હોઉં તો…? આખો દિવસ હું કેવી રીતે પસાર કરું.
  - o તમારા વિચારો તમારી જોડીના મિત્ર સાથે રજૂ કરો.

### 2. પ્રવૃત્તિ : એકમાંથી અનેક તા. જોડીકાર્ય

- શબ્દના મૂળાક્ષરનો ઉપયોગ કરી અન્ય નવા શબ્દો બનાવો.

  દા.ત. અમદાવાદ : અદા, મદ, દવા, વામ, દમ, વાદ, દામ, દાદ

  ‘દરવાન’, ‘વરસાદ’, ‘ગણનાપાત્ર’, ‘વાતાવરણ’ પરથી શબ્દો બનાવો.

### 3. પ્રવૃત્તિ : મેળ ન ખાતો હોય તેવાં વાક્યો છેકવાં તા. જૂથકાર્ય

- ધોરણ-5“ગણિત ગમ્મત” પાઠ્યપુસ્તકના પાના નંબર 124 પરનો નકશો જુઓ. ચિત્ર જોઈને ખોટાં વિધાનો છેકી નાખો.

  વિધાન :

  1. મુખ્ય દરવાજો બહારની બાજુ ખૂલે છે.
  2. રમતનું મેદાન અને હોલ સરખાં છે.
  3. શાળામાં કુલ દસ વર્ગખંડો છે.
  4. મુખ્ય દરવાજાથી કાર્યાલયે જવું હોય તો રમતના મેદાનમાં થઈને જવું પડે છે.
  5. સભાનું મેદાન રમતના મેદાનથી નાનું છે.
  6. બગીચો વર્ગખંડોની ડાબી બાજુ છે.
  7. રમતનું મેદાન અને સભાનું મેદાન પાસપાસે છે.
  8. બધા વર્ગખંડનાં બારી-બારણાંઓની સંખ્યા સમાન નથી.
  9. હોલ અને કાર્યાલય સામસામેના ખૂણામાં છે.
  10. કાર્યાલય અને દરેક વર્ગખંડો સરખી જગ્યા રોકે છે.

| 4. પ્રવૃત્તિ : ગામનાં સ્થળો | તા. | જોડીકાર્ય |
|---|---|---|

- કૌંસમાંથી આપેલાં સ્થળોમાંથી જે તમારા ગામમાં હોય, તેના વિશે બે-બે વાક્યો બોલો.
  (શાળા, બગીચો, હોસ્પિટલ, તળાવ, પુસ્તકાલય, પોસ્ટઑફિસ, બૅંક, રમતનું મેદાન, ચોરો, ચબૂતરો, કરિયાણાની દુકાન, પાનની દુકાન, કૂવો)

| 5. પ્રવૃત્તિ : શબ્દ શોધો | તા. | જોડીકાર્ય |
|---|---|---|

- કોઠામાં આપેલ મૂળાક્ષરો તેમજ ડ, ર, બ અને લ મૂળાક્ષરોની મદદથી ત્રણ અક્ષરના આઠ શબ્દો બનાવો.
- દરેક શબ્દના પહેલા અને ત્રીજા અક્ષરમાં દીર્ઘ – ઈ ઉમેરવી ફરજિયાત છે.
- કોઠામાં જે નંબર આપ્યો છે, તે નંબરમાં આપેલ મૂળાક્ષર પરથી જ શબ્દ શરૂ કરવાનો છે. જેમ કે, 1 નંબર પર દવાની ગોળી લખ્યું છે અને 1 નંબર પર 'ટ' મૂળાક્ષર આપ્યો હોવાથી આ શબ્દ 'ટી' થી શરૂ થશે.
- તમે બનાવેલ શબ્દો વર્ગ સમક્ષ રજૂ કરો.

| | | |
|---|---|---|
| 1. ટ | 4. ભ | 6. દ |
| 2. ક | | 7. ખ |
| 3. જ | 5. ઠ | 8. ચ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | દવાની ગોળી | ટીકડી | 5 | ફૂટેલા ઘડાનો ટુકડો | |
| 2 | ચા શામાં ભરીશું? | | 6 | છોકરી, પુત્રી | |
| 3 | જીભ, જીભલડી | | 7 | એક હળવો ખોરાક | |
| 4 | ભીલની સ્ત્રી | | 8 | રાત્રે જોઈ શકતું પ્રાણી | |

| 6. પ્રવૃત્તિ : નાચણીયામાંથી એક કૂદણીયાને બહાર કાઢો | તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- યાદીમાંથી જૂદો પડતો શબ્દ દૂર કરો.
  ઉદા. બારી, બારણાં, ટેબલ, ખુરશી, <u>ચમચી</u>
  1. કાકા, દાદા, મામા, મામી, નાની, પોતે, ફોઈ, ભત્રીજો, દિકરો
  2. લોખંડ, તાંબુ, સોનું, ચાંદી, લાકડું, એલ્યુમિનીયમ
  3. પાલક, મૂળા, તાંદળજો, મરચાં, બટાટાં, કમળ
  4. સફરજન, કેરી, પપૈયું, દાડમ, કેળા, સરગવો
  5. ક્રિકેટ, ખો-ખો, લંગડી, ચાલવું, કબડ્ડી, વોલીબોલ, ફૂટબોલ

**7. પ્રવૃત્તિ : વાક્યો બનાવો તા. વ્યક્તિગતકાર્ય**

- કાનામાત્રા વગરનાં વાક્યોમાં યોગ્ય કાનામાત્રા વિગેરે મૂકી અર્થપૂર્ણ વાક્યો બનાવો.

  અક નન ગમ હત. તમ ચર ભઈઅ રહત હત. ત વપર કરત હત. અક ભઈ અળસ હત. નદમ પર અવય. ત સત રહય. નદન પણમ ત ડબ ગય.

**8. પ્રવૃત્તિ : ચડતો ક્રમ તા. જોડીકાર્ય**

- શબ્દને ચડતા ક્રમમાં ગોઠવો.

  1. ચૂલો, લોટ, રોટલી, કથરોટ, પાટલી-વેલણ, તાવડી
  2. મીલ, દરજી, ખેતર, શર્ટ, રૂ, કપાસ
  3. કુંભાર, નિભાડો, માટી, ઘડો, રંગ, ચાકડો
  4. વઘારવું, મસાલા ઉમેરવા, પીરસવું, શાકભાજી ધોવા, સમારવું
  5. ટેબલ, રંધો, લાકડું, વહેરવું, રંગ, જોડવું, સુથાર

# અગિયારમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દ રમત તા. જૂથકાર્ય

- ગુણધર્મો કહો. (ગુણધર્મ એટલે અમુક લક્ષણો તથા વસ્તુનો સ્વભાવ)

  ઉદા. પપૈયું : એક ફળાઉ વૃક્ષ છે. તેની ઊંચાઈ મકાનની ઊંચાઈથી વધુ હોતી નથી. તેનાં પાંદડાં મોટાં હોય છે. તેનાં પાંદડાં ચક્ર આકારનાં હોય છે. તે ફળ, શાક અને દવા તરીકે પણ વપરાય છે.

  o ગુણધર્મ કહો : સફરજન, ગુલાબ, મોબાઈલ ફોન, વૃક્ષ, પુસ્તક

## 2. પ્રવૃત્તિ : ફકરો પૂર્ણ કરો તા. જૂથકાર્ય

- યોગ્ય શબ્દોને પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ફકરો પૂર્ણ કરો.

  (કુદરતી, મેદાનો, ધીરગંભીર, ખબર, વૃક્ષો, દાદા-દાદી, યાત્રા, નર્મદા, રેવા, પહોળો)

  ફકરો : તમને ________ છે. 'નર્મદાનો અર્થ? જે આપણને આનંદ એટલે કે નર્મ આપે તે ________ .એના કિનારા પરની ________ શોભા આપણને આનંદિત કરી મૂકે એવી છે. ઠેર ઠેર સુંદર ________ ને સાથે સાથે ચાલ્યા આવતા ઊંચા-નીચા ________ ક્યાંક લીલોતરીવાળાં સુંદર ખુલ્લાં ________ નર્મદા ક્યાંક એકદમ શાંત. ક્યાંક દોડતી-કૂદતી એટલે એને 'રેવા' પણ કહે છે. ________ એટલે કૂદનારી. ક્યાંક એ ધોધ બની જાય છે ને ક્યાંક પહોળા પટે ________ વહે છે. આવી સરસ નદી ! આપણા ઋષિમુનિઓ તો એના સુંદર કિનારે ________ કરી એનાં વખાણ કરતાં થાકતા જ નથી. તમે તમારાં ________ ને આ સ્રોત ગાતાં પણ સાંભળ્યા હશે. 'ત્વદીય પાદપંકજ નમામિ દેવી નર્મદે !'

## 3. પ્રવૃત્તિ : કેરી તા. જૂથકાર્ય

- "ગણિત-ગમ્મત" પાઠ્યપુસ્તકના પાન નંબર 10 પરનો ફકરો "કેટલાય લોકોના જીવન કેરીના વ્યવસાય .......... નાના મોટા ઉદ્યોગોમાં કાર્ય કરે છે." સુધી વાંચો અને ચર્ચા કરો.

  1. "કેટલાંય લોકોના જીવન કેરીનાં વ્યવસાય સાથે જોડાયેલાં છે." આ વાક્યોનો અર્થ નીચેનામાંથી કયું વાક્ય આપે છે?

     (અ) લોકો કેરી ખાઈને પોતાનું જીવન ચલાવે છે.

     (બ) લોકો કેરીના આધારે રૂપિયા કમાય છે.

     (ક) લોકો કેરીના આધારે નાણાં કમાઈને પોતાનું જીવન ચલાવે છે.

2. એકસો લાખ એટલે કેટલા કરોડ?
3. એકસો લાખને અંકમાં દર્શાવો.
4. જે લોકો કેરીના વ્યવસાય સાથે જોડાયેલા હોય તેની સામે આપેલા ખાનામાં ખરાની નિશાની કરો.

| | |
|---|---|
| 1. કુંભાર | ☐ |
| 2. ખેડૂત | ☐ |
| 3. મોચી | ☐ |
| 4. વાહનચાલક | ☐ |
| 5. આંબાની કલમ બનાવનાર | ☐ |
| 6. વાહન રિપેર કરનાર | ☐ |
| 7. કેરી વેચનાર વેપારી | ☐ |
| 8. કેરીનો જ્યુસ વેચનાર | ☐ |

## 4. પ્રવૃત્તિ : લેખક બનો તા. જૂથકાર્ય

- ફકરામાંથી ચર્ચા દ્વારા લીટી દોરેલ શબ્દોની જગ્યાએ કૌંસમાંથી રૂઢિપ્રયોગો શોધી ફરીથી લખો. (જીવની જેમ સાચવવું, દિલ જીતી લેવું, આકાશ પાતાળ એક કરવું, કાગના ડોળે રાહ જોવી., મોંમાં આંગળા નાખી જવું, મામલો પામી જવું.)


એક વખત કીડીને ઘઉં વાવવાનું મન થયું. તેણે એના મિત્ર મકોડાને આ વાત કરી, બીજા દિવસે બંનેએ મળવાનું નક્કી કર્યું. બીજા દિવસે કીડી સવારે મકોડાની <u>આતુરતાથી રાહ જોતી હતી</u>, પણ મકોડો તો આવ્યો જ નહી. કીડી આખી <u>પરિસ્થિતિ પામી ગઈ</u> કે મકોડાભાઈ હવે આવશે જ નહી. તેણે એકલા હાથે જ ઘઉં વાવવાનું નક્કી કર્યું અને <u>ખુબ જ મહેનત કરવાનું</u> નક્કી કર્યું. કીડીએ તો ઘઉં વાવ્યાં અને કામ શરૂ કર્યું. આ <u>ઘણું મુશ્કેલ કામ</u> હતું. પણ કીડી એમ થોડી માને? કીડી તો રાત દિવસ જોયા વિના ઘઉંને પાણી પાય. ખેતરની રખવાળી કરે. <u>પાકનું ખૂબ જતન કરે.</u> થોડા મહીના પછી કીડીની મહેનત રંગ લાવી. ખૂબ સારા ઘઉં થયા બધાને ખૂબ અચરજ થયું કે આવડી અમથી કીડીએ એકલા હાથે કેવા ઘઉં ઉગાડ્યા. કીડી બધામાં <u>પ્રિય થઈ ગઈ.</u>


## 5. પ્રવૃત્તિ : શું કહેશે ? તા. જોડીકાર્ય

- વિધાનો વાંચો અને તેની સામે આપેલ ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.
  (અભિનંદન, આભાર, સરસ, અદ્‌ભુત !, કઈ વાંધો નહિ, બેટા, ખૂબ સરસ કર્યું.)
  1. તમે સરસ ચિત્ર દોર્યું છે. તમે તમારા શિક્ષકને બતાવ્યું? તમારા શિક્ષક શું કહેશે? ________
  2. તમે એક અજાણ્યા માણસને બસ સ્ટેશન બતાવવામાં મદદ કરી તો તમારા પિતાજી શું કહશે?________
  3. તમે વર્ગમાં પ્રથમ આવ્યા તો તમારા વર્ગશિક્ષક શું કહેશે? ________
  4. તમને કોઈ રસ્તો બતાવે છે તો તમે શું કહેશો?________
  5. તમારા દ્વારા ભૂલથી કાચની બરણી તૂટી જાય છે. તો તમારાં મમ્મી શું કહેશે?________
  6. તમને તમારા કાકા પૂછે છે બેટા, કેમ છે? તો તમે શું કહેશો?________

## 6. પ્રવૃત્તિ : મગજ કસો તા. જોડીકાર્ય

- આપણે કોઈક શબ્દ વાંચીએ-સાંભળીએ એટલે તરત તેના સાથે જોડાયેલા બીજા શબ્દો યાદ આવે.
  ઉદાહરણ : બગીચો તો તમને વૃક્ષ, ફૂલ, ફુવારો, માળી વગેરે શબ્દો યાદ આવી શકે. તો ચાલો આવા શબ્દો યાદ કરીને નોંધીએ.



| 7. પ્રવૃત્તિ : પદ્યમાંથી ગદ્ય | તા. | જૂથકાર્ય |
|---|---|---|

- ધોરણ-5 ગુજરાતી દ્વિતીય સત્ર પાન નંબર એક પર આપેલા કાવ્ય વાંચો. તેની જૂથમાં ચર્ચા કરી ગદ્યમાં રજૂઆત કરો.

  ઉદા. તરીકે – તમે થાકતા નહીં, હારતા નહીં, અધવચ્ચે અટકતા નહીં....

| 8. પ્રવૃત્તિ : ચાલો નક્કી કરીએ | તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- શબ્દોની યાદી જૂઓ અને કોષ્ટકમાં ઉદાહરણ પ્રમાણે શબ્દો મૂકો.

  (ગાના, પાઠશાળા, બંદર, આદમી, કિતાબ, કેરી, સીંગ, નિશાળ, માણસ, ગાવું, મેંગો, શહેર, ફ્રેન્ડ, સ્કૂલ, પુસ્તક, દોસ્ત, આમ, સવાર, લાયન, મિત્ર, સુબહ, બુક, મંકી, સિંહ, વાંદરો)

| ગુજરાતી | અંગ્રેજી | હિન્દી |
|---|---|---|
| ગાવું | સીંગ | ગાના |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

## બારમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : હોટ સીટ તા. જૂથકાર્ય

- શિક્ષક વર્ગનું બે જૂથમાં વિભાજન કરશે.
- બંને જૂથમાંથી એક-એક વિદ્યાર્થી પોતાની પીઠ બ્લેક બોર્ડ તરફ રાખી પોતાની ટીમ સામે હોટ સીટ પર બેસશે
- શિક્ષક કોઈ એક શબ્દ બોર્ડ પર લખશે.
- બંને જૂથનાં વિદ્યાર્થીઓ હોટ સીટ પર બેઠેલ પોતાના જૂથના વિદ્યાર્થીને બોર્ડ પર લખેલ શબ્દને હાવભાવથી સમજાવવાનો પ્રયત્ન કરશે.
- હોટ સીટ પર બેઠેલ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ જે વિદ્યાર્થી સાચો જવાબ આપશે. તેના જૂથને દસ પોઈન્ટ આપવામાં આવશે.
- હોટ સીટ પર બેસનાર વિદ્યાર્થી દર નવા શબ્દ વખતે બદલી નાખવો.
- જે જૂથ વધુ ગુણ મેળવશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે.

### 2. પ્રવૃત્તિ : વિરુદ્ધાર્થીઓ તા. જોડીકાર્ય

- કોષ્ટકમાંથી વિરુદ્ધાર્થી શબ્દો શોધો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઘ | ટ | વું | સ | ર | ળ |
| અ | પ | મા | ન | × | × |
| ગ | ર | મ | × | મી | ઠું |
| × | × | × | પા | છ | ળ |
| × | શ | ત્રુ | × | સાં | જ |
| ઉ | દા | ર | ન | જી | ક |
| × | જી | ત | ક | થી | ર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | હાર × .......... | 2 | મિત્ર × .......... | 3 | કઠિન × .......... |
| 4 | દૂર × .......... | 5 | આગળ × .......... | 6 | સવાર × .......... |
| 7 | કંજૂસ × .......... | 8 | શિતળ × .......... | 9 | વધવું × .......... |
| 10 | કડવું × .......... | 11 | આદર × .......... | 12 | કંચન × .......... |

## 3. પ્રવૃત્તિ : તમે શું જાણો છો? તા. જૂથકાર્ય

- “ગણિત-ગમ્મત” પાઠ્યપુસ્તકના પાન નંબર 4 પરનો ફકરો ‘તમે મોટામાં મોટી કેરી વિશે શું જાણો છો? ...પહોળાઈમાં 17.78 સે.મી. (7 ઈંચ) હતી.

1. સૌથી મોટી કેરીનું વજન જણાવો.
   (અ) 3 કિગ્રા અને 435 ગ્રામ
   (બ) 3435 ગ્રામ
   (ક) ‘અ’ અને ‘બ’ બંને
2. ફિલિપાઈન્સ શું છે?
   (અ) રાજ્ય (બ) દેશ (ક) ખંડ
3. અહીં લંબાઈના કયા બે એકમોનો ઉપયોગ થયેલ છે?
4. કેટલા સેમી બરાબર એક ઈંચ?
5. કેરીનો ઘેરાવો જણાવો.

## 4. પ્રવૃત્તિ : બિલ તા. જૂથકાર્ય

- બિલ પરથી પ્રશ્નોના જવાબ આપો.

કેશ મેમો

**કુદરત પ્રોવિઝન સ્ટોર્સ**

પરા બજાર, શોપ નં. ૨૫૬

રાજકોટ

રજિસ્ટર નંબર N/45154

તારીખ : 09/07/2019

શ્રી/શ્રીમતી : ધનજીભાઈ કુબેરભાઈ ઝાટકિયા

| ક્રમ | વિગત | જથ્થો | રકમ રૂપિયા | |
|---|---|---|---|---|
| 1 | બિસ્કિટ (100 ગ્રામ) | 3પેકેટ | 30 | 00 |
| 2 | વોશિંગ પાવડર | 1કિલોગ્રામ | 45 | 00 |
| 3 | બાજરીનો લોટ | 2કિલોગ્રામ | 40 | 00 |
| 4 | ચાંદની સાબુ (125 ગ્રામ) | 4નંગ | 60 | 00 |
| 5 | બાસમતી ચોખા | 1કિલોગ્રામ | 65 | 00 |
| 6 | દૂધ (500 ગ્રામ) | 3થેલી | 90 | 00 |
| | કુલ ત્રણસો ત્રીસ પૂરા. | | 330 | 00 |

પ્રશ્નો :

1. ધનજીભાઈએ વસ્તુઓ ક્યાંથી ખરીદી?
2. ચાંદની સાબુ એક નંગની કિંમત કેટલી છે?
3. ખરીદનારે કુલ કેટલાં પૈસા ચૂકવ્યા?
4. ધનજીભાઈની થેલીમાં કુલ કેટલું વજન થશે?
5. બાસમતી ચોખા કરતાં બાજરીનો લોટ કેટલો વધુ ખરીધ્યો?

## 5. પ્રવૃત્તિ : વસ્તુ ખરીદો તા. જૂથકાર્ય

- વસ્તુઓની અંદાજીત કિંમત વિશે ચર્ચા કરો અને લખો.

| વસ્તુનું નામ | અંદાજિત કિંમત | નોટની વિગત |
|---|---|---|
| બૂટ | 150 રૂપિયા | એક સોની નોટ અને એક પચાસની નોટ. |
| પેન્સિલ | | |
| નોટબુક | | |
| દફતર | | |
| કંપાસપેટી | | |
| ટ્યૂબલાઈટ | | |
| સીલીંગ ફેન | | |
| ઈસ્ત્રી | | |
| ખુરશી | | |
| દિવાલ ઘડિયાળ | | |
| છત્રી | | |
| નાસ્તાનો ડબ્બો | | |

## 6. પ્રવૃત્તિ : જૂથ બનાવવાં તા. જોડીકાર્ય

- શબ્દોને યોગ્ય જૂથમાં વહેંચો

(સાઈકલ, કેળાં, મોટરકાર, જામફળ, ચમેલી, ટ્રક, મોગરો, કપાસ, સ્કૂટર, ગુલાબ, ચંપો, રિક્ષા, સફરજન, ટેમ્પો, વિમાન, આગગાડી, બસ, કમળ, મોટરસાઈકલ, કેરી)

| વાહન | ફળ | ફૂલ |
|---|---|---|
| સાઈકલ | કેરી | કમળ |
| | | |

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**7. પ્રવૃત્તિ : સંવાદ તા. જોડીકાર્ય**

- ધોરણ-5 ગુજરાતી દ્વિતીય સત્ર પાન નંબર 15-16 પર આપેલા સંવાદો વાંચો. તેમાં રહેલા અંગ્રજી શબ્દો અથવા વાક્યો શોધી કાઢી, તેના સ્થાને ગુજરાતી શબ્દો અથવા વાક્યો મૂકી સંવાદ ભજવો.

**8. પ્રવૃત્તિ : વાર્તા પરથી પ્રશ્નો તા. વ્યક્તિગતકાર્ય**

- ગુજરાતી પ્રથમ સત્ર પાઠ્યપુસ્તકના પાન નં. 8 અને 9 પરની વાર્તા વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

1. 'જે કહેવાના છે એ લેવાના છે.' એટલે મોચી કેટલા પૈસા લેવાનું કહે છે?
   (અ) દોઢ રૂપિયો (બ) બે રૂપિયાથી વધુ (ક) બે રૂપિયા
2. "વાયદો નહીં ચૂકું" એટલે...
   (અ) કહું છું તે પ્રમાણે કરી આપીશ.
   (બ) કહેશો તેમ કરી આપીશ.
   (ક) કહું છું તે સમયે કરી આપીશ.
3. "માણસ પારખવું" એટલે ...
   (અ) માણસને ઓળખવું.
   (બ) માણસ સાથે સંબંધ રાખવો.
   (ક) માણસનું કહ્યું માનવું.
4. "પરમ દિવસે" એટલે ...
   (અ) ગઈ કાલે (બ) આવતી કાલે (ક) આજે
5. સાધુ મહારાજ મોચીને ત્યાં કેટલી વાર ગયા? ....................................

# તેરમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : વાક્ય પૂર્ણ કરો (જો … તો … ) તા. જોડીકાર્ય

- કોઈ એક બાળક પ્રથમ જો … થી શરૂ કરી એક વિધાન બોલશે. પ્રથમ બાળક જે વિધાન બોલ્યું હોય તેના અનુસંધાને બીજું બાળક તો… થી શરૂ કરી વિધાન બોલશે.
- ફરી પાછા પ્રથમ વિદ્યાર્થી જો … થી શરૂ કરી વિધાન બોલશે અને તેના અનુસંધાને બીજું બાળક તો… થી શરૂ કરી વિધાન બોલશે.
- આમ, રમત ચાલ્યા કરશે. વિગત ખૂટી જાય તો ફરીથી બીજું વિધાન પસંદ કરી રમત શરૂ કરી શકાય.

  ઉદાહરણ :

  ધ્યાન : જો મારી પાસે હેલિકોપ્ટર હોય તો…

  ધૃતિ : તો હું મારા બધા મિત્રોને તેમાં બેસાડી સફર કરાવું.

  અકરમ : જો હું ચિત્રકાર હોઉં તો …

  જોન : વાદળનો કલર બદલી નાખું.

  વૈશાલી : જો મારે પાંખો હોય તો…

## 2. પ્રવૃત્તિ : કારણ કે તા. જોડીકાર્ય

- ‘અ’ અને ‘બ’ને યોગ્ય રીતે જોડી વિધાનો બનાવો. તમારા બંને વાક્યો તમારા મિત્ર સમક્ષ વાંચો.

| ક્રમ | અ | બ | વિધાન |
|---|---|---|---|
| 1 | રાકેશ ડોક્ટર પાસે ગયો. | કારણ કે તે સિંહણને આવતા જોઈ ગયું હતું. | રાકેશ ડોક્ટર પાસે ગયો કારણ કે તેને તાવ આવતો હતો. |
| 2 | તેણે કેરી ખરીદી | કારણ કે તેને તાવ આવતો હતો. | |
| 3 | હરણ છલાંગ મારી દોડ્યું | કારણ કે તેને સૌથી વધુ રન કર્યા હતા. | |
| 4 | તે ચાલી શકતો નહોતો | કારણ કે તેને તે બહુ ભાવે છે. | |
| 5 | મારા ભાઈને ઈનામમાં બેટ મળ્યું | કારણ કે તેને કાંટો વાગ્યો હતો. | |
| 6 | દૂધ બગડી ગયું હતું | કારણ કે તેની પીઠ પર વધુ વજન હતું. | |
| 7 | ગધેડો બેસી ગયો | કારણ કે તેમાં છાશનું ટીપું પડી ગયું હતું. | |

## 3. પ્રવૃત્તિ : કોષ્ટક પરથી પ્રશ્નો તા. વ્યક્તિગતકાર્ય

- ''ગણિત ગમ્મત''ના પાના નં. 14 પર આપેલ ટેબલ જુઓ અને પ્રશ્નોના જવાબ આપો.

પ્રશ્નો :

1. કુલ કેટલી વસ્તુઓ છે?

   ..................................................................

2. થર્મોકોલ ફ્રીઝ બોક્સ નંગ ૫ ના કેટલા રૂપિયા થાય?

   ..................................................................

3. સૌથી નાની વસ્તુ કઈ છે?

   ..................................................................

4. ગ્રાઈન્ડર અને ડોલ મળીને કુલ કેટલી વસ્તુ થાય? તેમાં કેટલો ખર્ચ થાય?

   ..................................................................

5. સૌથી ઓછો ખર્ચ કઈ વસ્તુ માટે થશે?

   ..................................................................

## 4. પ્રવૃત્તિ : શબ્દાર્થ કહેવો (પાસીંગ ધી પાર્સલ) તા. જૂથકાર્ય

- પાઠ્યપુસ્તકમાંથી અપરિચિત શબ્દોની ચિઠ્ઠીઓ બનાવવી.
- કોઈ એક ડબ્બામાં તે શબ્દોની ચિઠ્ઠીઓ મૂકવી.
- ડબ્બો(પાર્સલ) એક વિદ્યાર્થી પાસેથી બીજા વિદ્યાર્થી પાસે જશે. જ્યાં સુધી ખંજરી વાગે ત્યાં સુધી ડબ્બો (પાર્સલ) એક વિદ્યાર્થી પાસેથી બીજા વિદ્યાર્થી પાસે...ક્રમશઃ બીજા, ત્રીજા, ચોથા, પાંચમા... વિદ્યાર્થી પાસે જશે. ખંજરી વાગતી બંધ થાય ત્યારે ડબ્બો (પાર્સલ) જે વિદ્યાર્થીપાસે હોય તે વિદ્યાર્થી કોઈ એક શબ્દ ચિઠ્ઠી ઉપાડશે.
- વિદ્યાર્થી ચિઠ્ઠીમાં લખેલ શબ્દનું વાચન કરશે. પોતાને અર્થ આવડે તો કહેશે અથવા તો બીજા વિદ્યાર્થીઓ તેનો અર્થ કહેશે.
- શબ્દનો અર્થ કહ્યા બાદ તેનો વાક્યપ્રયોગ પણ કરાવવો.

| 5. પ્રવૃત્તિ : શ્રુતલેખન | તા. | વ્યક્તિગતકાર્ય |
|---|---|---|

- તમારા શિક્ષક બોલે તે સાંભળીને લખો. તેમજ પ્રશ્નના જવાબ નોંધો. ("સૌની આસપાસ" પાઠ્યપુસ્તકના પાના નં. 67 પર રસોડામાં ભોજન કરવા માટે ......... આપણને કામ કરવાની શક્તિ મળે છે. સુધીના ફકરાનું શ્રુતલેખન કરાવો.)

ફકરાલેખન :

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

પ્રશ્નો :

1. આમાં ગળ્યા પદાર્થો કયા કયા છે?
2. મીઠા રસથી આપણને શું મળે છે?

| 6. પ્રવૃત્તિ : તિગડી બનાવો | તા. | જોડીકાર્ય |
|---|---|---|

- ત્રીજો અક્ષર શોધીને ખાલી જગ્યા પૂરો.

ઉદાહરણ : રસોડું ________ ભૂખ.

જવાબ : રસોડું, <u>રોટલી</u>, ભૂખ

(પહોળાઈ, ભગવાન, પોસ્ટઑફિસ, રેલવે, મહાનગરપાલિકા, શાળા, શરબત, મીટર, સામયિક, મોબાઈલ)

1. રેલવે સ્ટેશન, ________ મુસાફરી
2. ________ વર્ગખંડ, ભણતર
3. બગીચો, ફૂલ, ________
4. લીંબુ, ________ તરસ
5. ________ ટપાલપેટી, પત્ર
6. સેન્ટિમીટર, ________ કિલોમીટર
7. લંબાઈ, ________ ઊંચાઈ
8. ________ પુસ્તક, પુસ્તકાલય
9. ચાર્જર,________ ઈયરફોન
10. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ______

## 7. પ્રવૃત્તિ : ફકરો પૂરો કરો તા. વ્યક્તિગતકાર્ય

- ફકરો વાંચો, કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરી, ફકરો ફરીથી વાંચો.

(ખોરાકનો, જાળવણી, વિવિધતા, સુવિધા, પર્યાવરણ, જ્ઞાતિ, જમીન)

ફકરો :

આપણે, હવા, પાણી અને .......... ઉપયોગ કરીએ છીએ. ક્યારેક આપણે તેનો બગાડ થતો જોઈએ છીએ. .......... આપણને ખોરાક અને ઘર બનાવવા માટે .......... આપે. શું આપણે પર્યાવરણ જતન કે તેની .......... કરીએ છીએ?

આપણો દેશ અનેક .......... ધરાવતો દેશ છે. આપણા દેશમાં ધર્મ, .........., ભાષા અને આર્થિક વિવિધતા છે. આ બધાની વચ્ચે આપણને સરખી ....... પ્રાપ્ત થાય છે.

## 8. પ્રવૃત્તિ : કોણ બોલ્યું ? તા. વ્યક્તિગતકાર્ય

- વાક્યો કોણ બોલે છે તે શબ્દો શોધી તેની સામેનાં ખાનામાં લખો.

(શિક્ષક, દૂધી, દુકાનદાર, સિલાઈ મશીન, કાછીયો, શેમ્પુ, દરજી, ચોક)

| | | |
|---|---|---|
| તમારે રોજ ત્રણ સમય દવા લેવાની છે. | સ્ટેથોસ્કોપ | ડૉક્ટર |
| ૨૨ રૂપિયાનો એક સાબુ આવશે, આપું? | | |
| શર્ટમાં કેવા કલરના બટન લગાવું? | | |
| રોજ નિશાળે નિયમિત આવવું જોઈએ. | | |
| એ...રીંગણાં આવ્યાં...રીંગણાં | | |

# ચૌદમું અઠવાડિયું

## 1. પ્રવૃત્તિ : શબ્દ અંતાક્ષરી તા. જોડીકાર્ય

- આ રમત બે-બેની જોડીમાં રમાડવી. સૌ પ્રથમ કોઈ એક બાળક એક શબ્દ બોલશે. જેમ કે, 'વરસાદ' આ શબ્દનો છેલ્લો અક્ષર 'દ' છે બીજો વિદ્યાર્થી 'દ'થી શરૂ થતો શબ્દ બોલશે. જેમ કે, 'દરવાજો' પાછા 'જો'થી શરૂ થતો શબ્દ બોલશે જેમ કે 'જોરદાર' આમ રમત ચાલ્યા કરશે.
- શબ્દોનું પુનરાવર્તન ન થાય. કોઈ શબ્દના અંતે 'ણ' આવે તો તેનો 'ન' કરવો... આ અંગેની સૂચના / સમજ શિક્ષક આપશે. ઉપરાંત શબ્દ રચના ન કરી શકે તેવી સ્થિતિમાં રમત ફરીથી રમવાની શરૂ કરવી તે અંગે પણ જણાવવું.

## 2. પ્રવૃત્તિ : વાક્યો જોડો અને લખો. તા. જોડીકાર્ય

- 'અ' અને 'બ'ને યોગ્ય રીતે જોડી વિધાનો બનાવો. તમારા બંને વાક્યો તમારા મિત્ર સમક્ષ વાંચો.

| ક્રમ | રૂ | બ | વિધાન |
|---|---|---|---|
| 1 | વાંદરાએ છોકરાની બેગ પકડી લીધી | કારણ કે તે ખોટવાઈ ગઈ હતી. | વાંદરાએ છોકરાની બેગ પકડી લીધી કારણ કે તે તેના ચાળા પાડતો હતો. |
| 2 | લાઈટ ચાલુ ન થઈ | કારણ કે તે તેના ચાળા પાડતો હતો. | |
| 3 | સંદીપ ઝાડ પર ચડી ન શક્યો | કારણ કે તે જાડો હતો. | |
| 4 | માનસી ડૉક્ટર પાસે ન ગઈ | કારણ કે સ્વીચ બંધ હતી. | |
| 5 | ડ્રાઈવર બસ ચાલુ ન કરી શક્યો | કારણ કે તેને ઝાડા થઈ ગયા હતા. | |
| 6 | પતંગિયાઓ બગીચામાં ફરતા હતા | કારણ કે તે ટ્રેન ચુકી ગઈ હતી. | |
| 7 | વિશાખા બસમાં ગઈ | કારણ કે તેમાં ઘણાં ફૂલો ખીલ્યા હતા. | |

## 3. પ્રવૃત્તિ : શોધી કાઢો તા. જૂથકાર્ય

- કોની લંબાઈ એક સેન્ટિમીટર કરતાં વધુ હશે કે ઓછી તેનું અનુમાન કરો અને અલગ પાડો. આવા વધુ ઉદાહરણો ચર્ચા કરીને લખો.
  (કીડી, મંકોડો, વંદો, પતંગિયું, ફૂદું, તીડ, કરોળિયો, માખી, ચમચીનો હાથો, બોટલનું ઢાંકણું, ચાવીની જાડાઈ, મીણબત્તીની લંબાઈ, ગણિતની ચોપડીની જાડાઈ, સ્વિચની પહોળાઈ, અંગૂઠાનો નખ, ફૂટપટ્ટીની પહોળાઈ, કંપાસ પેટીની પહોળાઈ, બારીની જાડાઈ, ચંપલની જાડાઈ, નાકની પહોળાઈ, આંગળીની જાડાઈ, બિસ્કિટની જાડાઈ, પેનની લંબાઈ, બારણાંના નકુચાની પહોળાઈ, ખુરશીના પાયાની પહોળાઈ)

**4. પ્રવૃત્તિ : વસ્તુ એક, કામ અનેક** **તા.** **જૂથકાર્ય**

- બાળકોને પાંચ-પાંચના જૂથમાં બેસવાનું કહો. તેમને કોઈ એક વસ્તુ આપો. (ઉદા. રૂમાલ, ડસ્ટર, પેન, પથ્થર) તેઓને જૂથમાં ચર્ચા દ્વારા તેના જુદા જુદા ઉપયોગ વિચારવા દો. ત્યારબાદ વારાફરતી વર્ગ સમક્ષ તેના ઉપયોગ બોલવાનું કહો.
- બાળકોને ચાર-પાંચના જૂથમાં બેસવા કહો. તેમને નીચે આપેલા પૈકી કોઈપણ પાંચના ત્રણ-ત્રણ નામ લખવા કહો.
  - o નદીનાં નામ : ..............., ..............., ...............
  - o પર્વતનાં નામ :: ..............., ..............., ...............
  - o ગામનાં નામ : ..............., ..............., ...............
  - o શહેરનાં નામ : ..............., ..............., ...............
  - o છોકરાનાં નામ : ..............., ..............., ...............
  - o છોકરીનાં નામ : ..............., ..............., ...............
  - o ઝાડનાં નામ : ..............., ..............., ...............
  - o શિક્ષકોનાં નામ : ..............., ..............., ...............
  - o ઘરનાં નામ : ..............., ..............., ...............
- તેઓ જૂથમાં ચર્ચા કરી નામ લખશે. ત્યારબાદ શિક્ષક કહેશે છનિયા...છનિયા... ગામનાં નામ બોલ, એટલે તે જૂથ નામ બોલશે.

**5. પ્રવૃત્તિ : અજબ – ગજબ** **તા.** **જૂથકાર્ય**

- આડા-અવળા ત્રણ ત્રણ અક્ષરોનાં શબ્દ ભેગા કરી છ અક્ષરનો શબ્દ બતાવો.

ઉદાહરણ : અજબ-ગજબ

| | | | | | |
|---|---|---|---|---|---|
| હલન | લાલન | લપ્પન | ગજબ | રાત | સવાલ |
| પ્રદાન | નવાર | ચમન | છપ્પન | અમન | જવાબ |
| અજબ | અવાર | દિવસ | પાલન | આદાન | ચલન |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

**6. પ્રવૃત્તિ : ઘટના ક્રમ** **તા.** વ્યક્તિગતકાર્ય

- આપેલાં વાક્યોને ક્રમમાં ગોઠવો અને નોંધો.

વાક્યો :

1. ખૂંદી લીધા બાદ તેના પીંડા બનાવે છે.
2. કુંભાર માટી લાવે છે.
3. હાથથી આકાર આપી તેનું માટલું બનાવે છે.
4. ચાકડો ફેરવે છે.
5. પછી તેને પકવે છે.
6. પીંડાને ચાકડા પર મુકે છે.
7. માટીને પલાળે છે.
8. માટલું પાણી ભરવા માટે તૈયાર થાય છે.
9. માટીને ખૂંદે છે.

1. ..................................................................................
2. ..................................................................................
3. ..................................................................................
4. ..................................................................................
5. ..................................................................................
6. ..................................................................................
7. ..................................................................................
8. ..................................................................................
9. ..................................................................................

**7. પ્રવૃત્તિ : વાર્તાકથન** **તા.** જોડીકાર્ય

- હિન્દીના પાઠ્યપુસ્તકના પાન નંબર 104 પર વાર્તાનાં ચિત્રો અને વાક્યો આપેલાં છે તે વાંચો અને ગુજરાતીમાં તમારા મિત્રને કહો.

**8. પ્રવૃત્તિ : રૂઢી પ્રયોગ　　　　તા.　　　　　　　　　　　　　　　　　　　　જોડીકાર્ય**

- યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો અને બનેલા રૂઢિપ્રયોગનો વાક્યમાં ઉપયોગ કરો.
  (જોવો, વેગળું, આંગળાં, લોઢાના, ઊડીને, કોતરાઈ, માંડવી, ઝીલવો, આકાશ, બાંધવા)

1. મોંમાં .......... નાખવાં.
2. પેટે પાટા ..........
3. .......... ચણા ચાવવા.
4. .......... પાતાળ એક કરવાં.
5. પડ્યો બોલ .......... .
6. મીટ ..........
7. ..........મૂકવું
8. .......... આંખે વળગવું
9. .......... જવું
10. તમાશો ..........

## પંદરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : ખોટા જવાબો આપો                તા.                જૂથકાર્ય

- હું તમને ઝડપથી પાંચ પ્રશ્નો પૂછીશ.
- દાવ આપનારે પૂછાયેલા પ્રશ્નોના ફટાફટ જવાબો આપવાના રહેશે.
- જવાબ આપતી વખતે એ ધ્યાને રાખવું કે પુછાયેલા પ્રશ્નોના ખોટા જવાબ જ આપવાના છે. સાચા નહીં.
- જો તમારાથી સાચો જવાબ અપાઈ જશે તો તમે આઉટ ગણાશો.
- પૂછાયેલા પાંચેય પ્રશ્નોના ખોટા જવાબ આપનારને જૂઠ સમ્રાટનું ઈનામ અપાશે.

  ઉદાહરણ :

  1. તમે કયાં ધોરણમાં ભણો છો?

     જ. હું દસમા ધોરણમાં ભણું છું.
  2. તમારું નામ શું છે?

     જ. મારું નામ અમિતાભ બચ્ચન છે.
  3. શેખ અબ્દુલ્લા ક્યાં રહેતા હતા.

     જ. શેખ અબ્દુલ્લા નવસારીમાં રહેતા હતા.
- એમ વારાફરતી રમત રમાડી શકાય.

### 2. પ્રવૃત્તિ : પ્રશ્ન બનાવો                વ્યક્તિગતકાર્ય

- લીટી દોરેલ શબ્દો જૂઓ અને વાંચો. પ્રશ્નોની રચના એવી રીતે કરો કે જેનો જવાબ લીટી દોરેલ શબ્દ આવે.


  ઉદાહરણ : અસગર રોજ <u>શાળાએ</u> જાય છે.

  પ્રશ્ન : આપણને બધાને રમવા, જમવા અને ભણવાનું ક્યાં મળે છે?

  1. <u>ધરતી</u>ની મ્હેક પીતો વાયુ ચકચૂર.
  2. એલા, <u>તાંબાનું</u> પતરું લાવો.
  3. સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો <u>આંબાની</u> ડાળ.
  4. <u>ડૉ. ભીમરાવ આંબેડકર</u>નો જન્મ મહૂ ગામમાં થયો હતો.
  5. દૂધી વીસ રૂપિયે <u>એક કિલોગ્રામ</u> હતી.

## 3. પ્રવૃત્તિ : પ્રાણીઓની ઝડપ    જૂથકાર્ય

- આલેખ પરથી પ્રશ્નોના જવાબ આપો.




1. 40 કિલોમિટર પ્રતિ કલાકથી વધુ ઝડપ કયાં પ્રાણીઓની છે?
2. કયાં પ્રાણીઓની ઝડપનો તફાવત 40 કિલોમીટર / કલાકનો છે?
3. સૌથી વધુ અને સૌથી ઓછી ઝડપ વચ્ચેનો અંદાજે તફાવત કેટલો હશે?
4. વીસ કિલોમીટર / કલાકથી ઓછી ઝડપ હોય તેવાં કયાં કયાં પ્રાણીઓ છે?
5. કયાં પ્રાણીઓની ઝડપ સમાન છે?
6. ઘોડા અને ગધેડાની ઝડપનો તફાવત કેટલો છે? અનુમાન કરો.
7. આપણી ચાલવાની ઝડપ કેટલા કિલોમીટર / કલાક હશે? અનુમાન કરો.

## 4. પ્રવૃત્તિ : ભણવાનું ન હોત તો?    તા.    જૂથકાર્ય

- તમારા જૂથનાં બાળકો સાથે બેસો.
- જો આપણે ભણવાનું જ ન હોત તો? વિચારો,
- જો ભણવાનું જ ન હોત તો આપણે સવારથી સાંજ સુધી (આખો દિવસ) શું શું કરતા હોત તે ચર્ચા કરો.
- ચર્ચાને અંતે ભણવાનું ન હોય તેવા આખા દિવસનું વર્ણન કરો.

## 5. પ્રવૃત્તિ : વાંચીને વાર્તા            તા.            વ્યક્તિગતકાર્ય

- ઘટના અને સ્થળની વિગતો વાંચી, બંધબેસતી જોડ બનાવો.

| | |
|---|---|
| મુશ્કેલી પડે તો સાંકળ ખેંચો. | બગીચો |
| સરલાએ પત્ર લખ્યો. | ઘર |
| હું અને મારો ભાઈ ગૃહકાર્ય કરવા બેઠાં | બેંક |
| બે બહેનોએ મારામારી કરી. | શાળા |
| ભજિયાં બનાવવા ચણાના લોટની જરૂર છે. | પોસ્ટ ઓફિસ |
| આજે સરપંચ મળ્યા | દવાખાનું |
| મને તાવ આવે છે. | રેલવે સ્ટેશન |
| હીંચકા ખાવા ગયાં. | કરિયાણાની દુકાન |
| લોન લઈને મકાન બનાવવું છે. | પોલીસ સ્ટેશન |
| “હરિ ઓમ તત્ સત્ શ્રી ... પ્રાર્થના કરી. | ગ્રામ પંચાયત |

## 6. પ્રવૃત્તિ : ક્રમમાં ગોઠવો            તા.            જોડીકાર્ય

- વાક્યો વાંચી યોગ્ય ક્રમમાં ગોઠવો.

  વાક્યો :

  - o ☐ કેવાં સરસ મજાનાં જામફળ !!
  - o ☐ પછી ક્યારી કરી બીજનું વાવેતર કર્યું.
  - o ☐ ત્યારબાદ તો સરસ ઝાડ બની ગયું છે.
  - o ☐ હવે નાના છોડને સરસ કૂંપળ ફૂટી.
  - o ☐ હજૂ તો કાચાં-કાચાં જામફળ છે.

## 7. પ્રવૃત્તિ : ચાલો વાર્તા બનાવીએ            તા.            જુથકાર્ય

- વાર્તાનો શરૂઆતનો ભાગ વાંચો અને તમારા મિત્રો સાથે ચર્ચા કરી અધૂરી વાર્તા પૂરી કરો.

  એક જંગલ હતું. એક દિવસ જંગલમાં બે રાજકુમારો ફરવા નીકળ્યા. ફરતા ફરતા તેઓ ખુબ આગળ નીકળી ગયા. નાનાં રાજકુમારને ખૂબ ભૂખ લાગી...

## 8. પ્રવૃત્તિ : મને આવડે તા. જોડીકાર્ય

- ઉદાહરણ મુજબ શબ્દો બનાવી લખો.

  ઉદાહરણ :- રમવું : ક્રિકેટ – બેટ, બોલ, સ્ટમ્પ, હાથમોજાં, પેડ, પીચ, બોલીંગ, બેટીંગ, ટોપી.

| | | |
|---|---|---|
| રસોઈ : | | |
| જમવું : | | |
| ચિત્રકામ : | | |
| ગાયન : | | |
| ચલાવવું : | કાર | |

## સોળમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : બાળમેળામાં સ્ટોલ અંગે આયોજન તા. જૂથકાર્ય

- શાળામાં એક બાળમેળાનું આયોજન કરવાનું છે. તેમાં દરેકે એક-એક સ્ટોલની જવાબદારી સંભાળવાની છે. તમે કયો-શાનો સ્ટોલ સંભાળશો? સૌ પ્રથમ જૂથમાં ચર્ચા કરો અને પછી દરેક જૂથ નાયક વર્ગ સમક્ષ પોતાના જૂથના વિચારો વર્ણવશે.
  - o તે સ્ટોલમાં કઈ કઈ વસ્તુઓ મૂકશો? તે કેવી રીતે મેળવશો.
  - o તે સ્ટોલમાં તમે કેવી પ્રવૃત્તિઓ કરશો?
  - o પ્રવૃત્તિ કરનાર માટે કેવી સૂચના મૂકશો..?
  - o તમારા સ્ટોલમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ માટે આવે તે માટે તમે શું કરશો? ઉપરના પ્રશ્નો / બાબતો વિશે ચર્ચા કરો.

### 2. પ્રવૃત્તિ : વાંચન તા. જોડીકાર્ય

- ગુજરાતી પાઠ્યપુસ્તકના પાના નં. 96 પરનો ફકરો વાંચો 'ચીન દેશની વાત છે. ............ "તાઓ" એવી બૂમ પાડતાં જ "જી" કહેતી એ હાજર થાય.' વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

  પ્રશ્નો :

  1. વાસણ માંજીને .......... જેવાં બનાવી દે. (ફકરો વાંચી,તેમાંથી યોગ્ય શબ્દો મુકો.)
  2. આ છોકરી ક્યાં ક્યાં કામ કરતી હતી?
  3. તાઓના મા-બાપ 'ઈશ્વરના દરબારમાં પહોંચી ગયા' એટલે તેઓ ક્યાં પહોંચી ગયાં હશે?
  4. 'અનાથ બાળા' એટલે શું?
  5. વેપારીને ત્યાં તાઓએ બધાનાં દિલ કેવી રીતે જીતી લીધાં ?

### 3. પ્રવૃત્તિ : જુદાં પાડો તા. જૂથકાર્ય

- કાટકોણથી નાના, કાટકોણથી મોટા ખૂણાઓને ઓળખી જુદા પાડો અને આવાં બીજા પાંચ ઉદાહરણો ચર્ચા કરી નોંધો.

  (બે દીવાલો વચ્ચેનો ખૂણો, ખુરશીની બેઠક અને ટેકા વચ્ચેનો ખૂણો, પંખાનાં બે પાંખિયાં વચ્ચેનો ખૂણો, કંપાસ બોક્સની લંબાઈ અને પહોળાઈ વચ્ચેનો ખૂણો, પાઠ્યપુસ્તકની લંબાઈ અને પહોળાઈ વચ્ચેનો ખૂણો, દસ વાગ્યે ઘડિયાળના કાંટાઓ વચ્ચે બનતો ખૂણો, સાઈકલના

આરા વચ્ચેનો ખૂણો, અડધી ખૂલેલી બારી વચ્ચેનો ખૂણો, મોબાઈલની પાસપાસેની બાજુઓ વચ્ચેનો ખૂણો, પક્ષીની ખુલ્લી ચાંચ વચ્ચેનો ખૂણો, કોઈપણ બે આંગળીઓ વચ્ચે બનતો ખૂણો, પલાઠી વાળીને બેસતી વખતે પગ અને પેટ વચ્ચે બનતો ખૂણો, પવનચક્કીનાં બે પાંખિયા વચ્ચેનો ખૂણો, લાદીની પાસપાસેની બાજુઓ વચ્ચેનો ખૂણો, આરામ ખુરશીની બેઠક અને પીઠ વચ્ચેનો ખૂણો, ચોરસની પાસપાસેની બાજુઓ વચ્ચેનો ખૂણો)

| 4. **પ્રવૃત્તિ : વેકેશન દરમિયાન કરેલ પ્રવૃત્તિ અહેવાલ** | **તા.** | જૂથકાર્ય |
|---|---|---|

- તમે વેકેશન કેવી રીતે પસાર કર્યું? તેની ચર્ચા ચાર-ચારના જૂથમાં કરો. પંદર મિનિટ પછી હું જેને-જેને પસંદ કરું તે વર્ગ સમક્ષ પોતાના કરેલ કાર્યને આગળ આવીને રજૂ કરશે. તેમાં કઈ કઈ પ્રવૃત્તિઓ સમાન થઈ અને કઈ કઈ પ્રવૃત્તિઓ અલગ થઈ તેની યાદી બનાવો. તમારામાંથી કોને કઈ પ્રવૃત્તિમાં સૌથી વધુ મઝા પડી તેની વાત જૂથમાં કરો.

| 5. **પ્રવૃત્તિ : પ્રશ્ન બનાવો** | **તા.** | જોડીકાર્ય |
|---|---|---|

- વાક્યો વાંચો. લીટી કરેલા શબ્દોને ધ્યાનમાં રાખી પ્રશ્ન બનાવો અને તમારા પ્રશ્નો તમારા મિત્ર સાથે સરખાવો.
  - o ઉદાહરણ : સવારમાં બાદશાહે તળાવ પાસે આવીને જોયું. (ક્યારે)
    બાદશાહે ક્યારે તળાવ પાસે આવીને જોયું?

1. <u>ચોકીદાર</u> દરવાજા પાસે ઊભો હતો. (કોણ)
2. બીરબલે <u>ખીચડી</u> બનાવી. (શું)
3. દીપા <u>સવારમાં</u> વહેલી ઊઠે છે. (ક્યારે)
4. પંકજ <u>બજારમાં</u> શાક લેવા ગયો. (ક્યાં)
5. <u>સુમંત</u> પાંચમા ધોરણમાં ભણે છે. (કોણ)
6. ઈમરાને <u>નવું ટી-શર્ટ</u> ખરીદ્યું (શું)
7. શેઠ <u>રાજદરબારમાં</u> પહોંચ્યા (ક્યાં)

## 6. પ્રવૃત્તિ : ઋતુની રંગત    તા.    વ્યક્તિગતકાર્ય

- ઉદાહરણ મુજબ જોડો.

| |
|---|
| શિયાળો<br>ઠંડી |
| ઉનાળો<br>ગરમી |
| ચોમાસું<br>પાણી-ભેજ |

| |
|---|
| કેન્ડી / કુલ્ફી |
| હિટર |
| નદી |
| ફટાકડા |
| તળાવ |
| સોડા |
| સરોવર |
| શરબત |
| કોલસો |
| ચેકડેમ |
| આઈસ્ક્રીમ |
| દીવો |

## 7. પ્રવૃત્તિ : શબ્દ પસંદગી    તા.    જુથકાર્ય

- શબ્દોનો ઉપયોગ કરી તમારી સાઈકલ વિશે પાંચ વાક્યો લખો.

(હેન્ડલ, પેડલ, સીટ, સાઈકલનો રંગ, આગળનું વ્હીલ, પાછળનું વ્હીલ, પાછલી બેઠક)

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 8. પ્રવૃત્તિ : કોણ? તા. જૂથકાર્ય

- ચાર ચારનાં જૂથમાં માહિતીકાર્ડ બનાવો. તેના પરથી પ્રશ્નો પૂછો.

| માહિતીકાર્ડ |
|---|
| નામ :...................................................... |
| માતાનું નામ : ............................................... |
| પિતાનું નામ : ............................................... |
| પિતાનો વ્યવસાય : ............................................ |
| વજન : ............................................... |
| ઊંચાઈ : .............................................. |
| ઉંમર : ............................................... |

1. તમારા જૂથમાં સૌથી વધુ ઊંચાઈ કોની છે?
2. જૂથમાં કોની ઉંમર વધુ છે?
3. સુંદર અક્ષરો કોના છે?
4. જૂથમાં કયો વ્યવસાય તમને સૌથી વધુ ગમે ?
5. માતાનાં નામોને કક્કાવારી મુજબ ચડતા ક્રમમાં ગોઠવો.

## સત્તરમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : અદલાબદલી તા. વ્યક્તિગતકાર્ય

- આજના દિવસે શિક્ષકો તમારા વિદ્યાર્થીઓ છે.
- જેમ તમારા શિક્ષકો તમને લેશન આપે છે, તેમ આજે તમારે તમારા વિદ્યાર્થીઓ (શિક્ષકશ્રીઓ)ને લેશન આપવાનું છે.
- તમારા જૂથમાંના મિત્રો સાથે મળી વિચારો કે કયા ત્રણ શિક્ષકોને કયું કયું લેશન આપશો?
- પછી વર્ગમાં રજૂ કરો.

### 2. પ્રવૃત્તિ : એક જ અર્થ તા. જૂથકાર્ય

- આપેલ વાક્યો વાંચી, સરખા અર્થવાળા વિકલ્પ પસંદ કરી, જોડી અને ફરીથી વાંચો.
  - o હાથી દૂરનું સાંભળી શકે છે.
    1. હાથીનાં બચ્ચાં દૂરનું સાંભળી શકતાં નથી.
    2. હાથી બીજા પ્રાણીઓ કરતાં વધુ દૂરનું સાંભળી શકે છે.
    3. હાથી નજીકનું સાંભળી શકતો નથી.
  - o હું દરરોજ એક લિટર પાણી પી શકું છું.
    1. હું દરરોજ એક હજાર મિલીલિટર પાણી પી શકું છું.
    2. મારે દરરોજ એક લિટર પાણી પીવા જોઈએ.
    3. હું દરરોજ અડધો લિટર પાણી પી શકતો નથી.
  - o મહેશ સૌથી વધુ હોશિયાર વિદ્યાર્થી છે.
    1. વિદ્યાર્થીઓ મહેશ કરતાં હોશિયાર નથી.
    2. મહેશ અને બીજા વિદ્યાર્થીઓ સરખાં હોશિયાર છે.
    3. મહેશ કરતાં બાકીના બધા વિદ્યાર્થીઓ ઓછું જાણે છે.
  - o બહારનું ખાવાથી તબિયત બગડે છે.
    1. બહારનું ખાવાથી તંદુરસ્તી સારી રહેતી નથી.
    2. ઘરે બનાવેલ વસ્તુઓ ખાવાથી તબિયત સારી રહે છે.
    3. તબિયત સારી રાખવા બહારનું ક્યારેય ખાવું ન જોઈએ.
  - o જાહેર મિલકતોને નુકસાન ન કરવું જોઈએ.
    1. જાહેર મિલકતોને સાચવવી જોઈએ.
    2. જાહેર મિલકતો કોઈની માલિકીની ન હોઈ, નુકસાન કરવામાં વાંધો નહીં.
    3. જાહેર મિલકતોને કોઈ સાચવતું નથી.

**3. પ્રવૃત્તિ : સવાલની ચતુરાઈ** **તા.** વ્યક્તિગતકાર્ય

- શબ્દો વાંચી ઉદાહરણ મુજબ પ્રશ્ન બનાવો અને જવાબ લખો. જવાબ અને શબ્દને જોડો.

  (સ્વાદ, કલર, અવાજ, સુગંધ, વાનગી, તહેવાર, ફળ, પક્ષી, પશુ)

  ઉદાહરણ : સ્વાદ : લીંબુ કેવું લાગે? જવાબ : લીંબુ ખાટું લાગે.

  ખાટો સ્વાદ

**4. પ્રવૃત્તિ : અમે જ કહી શકીએ** **તા.** જૂથકાર્ય

- તમારા જૂથમાં સૌ ભેગા મળી પુસ્તકનું એક ચિત્ર પસંદ કરો.
- પસંદ કરેલા ચિત્ર વિશે વિચારીને વાક્યો બોલો. ચિત્રનું વર્ણન કરો.
- તમે વિચારેલાં વાક્યો તમારા વર્ગમાં રજૂ કરો.
- ચિત્રમાં સાવ નાની, માંડ માંડ દેખાય તેવી બાબત પર ખાસ ધ્યાન આપો.

  ઉદાહરણ : “સૌની આસપાસ” પાન નં. 4 ઉપર બગીચાના ચિત્રમાં પક્ષીઓ)

**5. પ્રવૃત્તિ : વાક્યો** **તા.** વ્યક્તિગતકાર્ય

- શબ્દજોડીનો ઉપયોગ કરી વાક્ય બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.

  ઉદાહરણ : લીંબુ – શરબત

  વાક્ય : શરબત બનાવવા લીંબુનો ઉપયોગ થાય છે.

  (વરસાદ – ધોધમાર, પતંગિયું – ફૂલ, શાકભાજી – છરી, ટામેટાં – સ્વાદ, રાત – સૂર્ય, હાથ – પાણી, પંપ – સાઈકલ, થાળી – મીઠાઈ, રમકડાં – દુકાન)

**6. પ્રવૃત્તિ : સંખ્યાના જૂથ બનાવો** **તા.** જોડીકાર્ય

- આપેલ સંખ્યાના જૂથ બનાવો અને કોષ્ટક પૂર્ણ કરો.

  ઉદાહરણ : એક-એકનાં કુલ 18 જૂથ બનશે અને કશુંય નહીં વધે એટલે કે 0 વધશે. તે જ રીતે 18નાં 5-5નાં જૂથ બનાવીએ તો 3 જૂથ બનશે અને 18– 15 = 3 વધશે. આ રીતે બાકીનાં ખાનાં ભરી આપો. આ માટે કાંકરા કે નાની સળીનો ઉપયોગ કરી શકાય.

| સંખ્યા | જૂથની સંખ્યા | કેટલા જૂથ બને | કેટલાં વધે (શેષ) |
|---|---|---|---|
| 18 | 1 | 18 | 0 |
| | 2 | | |
| | 3 | | |
| | 4 | | |
| | 5 | 3 | 3 |
| | 6 | | |
| | 7 | | |
| | 8 | | |
| | 9 | | |
| | 10 | | |
| | 11 | 1 | 7 |
| | 12 | | |
| | 13 | | |
| | 14 | | |
| | 15 | | |
| | 16 | | |
| | 17 | | |
| | 18 | | |

પ્રશ્નો :

1. સાત-સાતનાં કેટલાં જૂથ બને છે? કેટલા વધે?
2. કઈ સંખ્યાનાં જૂથ બનાવતાં એક પણ સંખ્યા વધતી નથી.
3. દસ દસનાં જૂથ બનાવતાં કેટલી સંખ્યા વધે?
4. કઈ સંખ્યાનાં સૌથી વધુ જૂથ બને છે?
5. કઈ સંખ્યાનાં જૂથ સૌથી ઓછાં બને છે?
6. સૌથી મોટી શેષ ક્યારે મળે છે?

## 7. પ્રવૃત્તિ : ચાલો બનાવીએ   તા.   જુથકાર્ય

- થોડાક દિવસો બાદ દિવાળીનું પર્વ છે. આ તહેવારમાં બધા લાડુની મજા માણે છે. આપણે પણ તેની બનાવવાની રીત જાણીએ.
- આ માટે આપણે સૌ પ્રથમ …
  - o પાંચ નાના જૂથમાં વહેંચાઈ જાવ.
  - o લાડુ બનાવવા માટે શું – શું જોઈએ તે ચર્ચા કરી નોંધો.

- o તમારી મમ્મી પાસેથી જાણેલ લાડુ બનાવવાની પ્રક્રિયા ચર્ચા કરી નક્કી કરો.
- o જરૂરી ઘી, ગોળ, ઘઉંનો લોટ વગેરેનું પ્રમાણ ચર્ચા કરી નક્કી કરો.
- o જૂથમાં કરેલ ચર્ચા વર્ગ સમક્ષ રજૂ કરો.
- o આવી જ પ્રક્રિયા જલેબી માટે પણ વિચારો.

## 8. પ્રવૃત્તિ : ચિત્ર પરથી શબ્દ વાક્ય      તા.      જોડીકાર્ય

- ધોરણ-5 અંગ્રેજીના પાઠ્યપુસ્તકનાં પાન નંબર – 27 પર આપેલ ચિત્ર જુઓ. આપેલ શબ્દજોડીનો ઉપયોગ કરી ચિત્ર પરથી વાક્ય બનાવો. વર્ગ સમક્ષ વાંચો.

  ઉદાહરણ : શબ્દજોડી – 'દરવાજો-કચરા ટોપલી' આપેલ હોય તો વાક્ય આ રીતે બનશે.

  'કચરા ટોપલી દરવાજાની બાજુમાં છે.'

1. શિક્ષક – ટેબલ
2. બારીઓ – દીવાલ
3. છોકરાઓ – છોકરીઓ
4. બોર્ડ – ટેબલ
5. બૅંચ - વિદ્યાર્થીઓ

## અઢારમું અઠવાડિયું

**1. પ્રવૃત્તિ : નકલ** **તા.** **જૂથકાર્ય**

- તમારે કોઈ એક વ્યવસાયકારની નકલ સંવાદ સાથે કરી બતાવવાની છે. તમારા અભિનય અને અવાજ પરથી વર્ગના બીજા વિદ્યાર્થીઓ તારવી આપશે કે તમે કોની મિમિક્રી કરી છે. આ પ્રવૃત્તિ કરવા માટે તમે જરૂરી પૂર્વતૈયારી જૂથમાં બેસીને કરી શકો છો.
- પ્રવૃત્તિ પૂરી થયા પછી આપવાની સૂચના : આ પ્રવૃત્તિ કર્યા પછી તમને કેવો અનુભવ થયો ? તમને શી – શી તકલીફ પડી તમે કયા કયા નવા શબ્દોના પરિચયમાં આવ્યા ? એ અંગે વર્ગમાં મૌખિક વર્ણન કરો.

**2. પ્રવૃત્તિ : ફકરો વાંચો...** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- ફકરો વાંચો. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો અને ફકરો ફરીથી વાંચો.

(દિશા, પ્રવાસીઓ, પોલારિસ, ધરી, પ્રદક્ષિણા, તારાઓ, ધ્રુવનો, સમાંતર, નરી, અચળ)

ફકરો :

પૃથ્વી પોતાની ..........પર ફરે છે અને સાથે સાથે સૂર્યની .......... પણ કરે છે. એટલે અવકાશમાં રહેલ ગ્રહો અને ..........સ્થાન બદલતા નથી. ઉત્તરદિશામાં પૃથ્વીની ધરીની બરાબર .......... રેખા ઉપર આવેલો .......... તારો હંમેશા એક જ સ્થળે સ્થિર દેખાય છે. તેને .......... તારો કહે છે. અંગ્રેજીમાં તેને .......... કહે છે. તે પૃથ્વીની નજીક હોવાથી .......... આંખે દેખાય છે. પ્રાચીનકાળમાં .......... આ તારાનો ઉપયોગ કરીને .......... નક્કી કરતા હતા.

## 3. પ્રવૃત્તિ : કેલેન્ડર    તા.    જોડીકાર્ય

- કેલેન્ડર પરથી પ્રશ્નોના જવાબ આપો.

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | 31 | | | | |

પ્રશ્નો :

1. પાંચ વખત કયા કયા વાર આવે છે?
2. રવિવારે 1 તારીખ છે. બીજા કેટલા દિવસ પછી રવિવાર આવશે?
3. ગુરુવાર 5, 12, 19 અને 26 તારીખે આવે છે. તારીખો વચ્ચે સમાન તફાવત છે. શા માટે? વિચારો
4. રવિવારથી શનિવાર કેટલા દિવસ પછી આવશે?
5. જો સોમવારે પહેલી તારીખ હોત તો કેટલા દિવસ પછી મંગળવાર આવે?
6. રવિવારથી શનિવાર સુધી સાત દિવસ થાય છે. તો તેને અઠવાડિયું કેમ કહેતા હશે? ચર્ચા કરો.

## 4. પ્રવૃત્તિ : યાદી    તા.    જોડીકાર્ય

- યાદી બનાવો.
  - o તમારા ઘરમાં રસોઈ બનાવવા માટે ઉપયોગમાં લેવાતાં વાસણોની યાદી બનાવો.

    ..................................................................................

  - o એવી કઈ વસ્તુઓ છે જે આકારમાં ગોળ હોય?

    ..................................................................................

  - o આ વસ્તુઓમાં ધાતુની બનેલી વસ્તુઓ કઈ કઈ છે?

    ..................................................................................

## 5. પ્રવૃત્તિ : શબ્દ ગરબડ તા. વ્યક્તિગતકાર્ય

- કોષ્ટકમાંથી શબ્દ ગરબડને યોગ્ય રીતે લખો.

ઉદાહરણ : શ-ર-મે : બનતો શબ્દ — રમેશ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ત-ર-ભ | | ગ-ન-મ | | ભ-ન-જ | |
| ચ-કા-બો | | ગ-ડો-કા | | છ-લી-મા | |
| વ-રા-ન-ત્રી | | ગ-જ-અ-ર | | ચ-કા-રી-પિ | |
| ખો-ટી-લ | | ફ-ર-સ-ન-જ | | બ-ર-કા | |
| ર-ભા-ત | | મા-ન-વિ | | ભા-ન-વ-ગ-ર | |

## 6. પ્રવૃત્તિ : કુદરતી × કૃત્રિમ તા. જૂથકાર્ય

- શબ્દોને ઉદાહરણ મુજબ ખાનામાં લખો.

શબ્દો : (શિયાળો, પંખી, મગર, ઠંડી, પંખો, ચશ્માં, સ્કૂટર, હોડી, સૂર્ય, હિટર, નદી, લાઈટ, આંખ, વિમાન, સૂર્ય, ચેકડેમ, ચિત્તો)

| | ઊડવું | ગરમી | ઠંડી | જોવું | પાણી | પ્રકાશ | દોડવું | તરવું |
|---|---|---|---|---|---|---|---|---|
| કુદરતી | પંખી | | | | | | | |
| કૃત્રિમ | વિમાન | | | | | | | |

## 7. પ્રવૃત્તિ : ચાલો, વાર્તા બનાવીએ તા. જોડીકાર્ય

- વાર્તાનો શરૂઆતનો ભાગ વાંચો અને તમારા મિત્રો સાથે ચર્ચા કરી અધૂરી વાર્તા પૂરી કરો.

એક જંગલ હતું. એક દિવસ જંગલમાં બે મિત્રો ફરવા નીકળ્યા. ફરતા ફરતા તેઓ ખૂબ આગળ નીકળી ગયા. દૂર તેમણે એક ઝૂંપડી જોઈ...

## 8. પ્રવૃત્તિ : સાંભળો અને લખો તા. વ્યક્તિગતકાર્ય

- તમારા શિક્ષક બોલે તે સાંભળીને લખો. ખોટા પડેલા શબ્દોની યાદી બનાવો અને સુધારો

(ધોરણ-5 અંગ્રેજી પાઠ્યપુસ્તક પાન નંબર 27નો ફકરો : There is platform in ……….. it is a dictionary સુધી લખો.)

## ઓગણીસમું અઠવાડિયું

**1. પ્રવૃત્તિ : મૌખિક** **તા.** **જૂથકાર્ય**

- તમારા ઘરની આસપાસનાં પક્ષીઓ વિશે તમારા ગ્રૂપમાં ચર્ચા કરો. ચર્ચા માટેના મુદ્દાઓ આપેલા છે. ત્યારબાદ વર્ગ સમક્ષ તમને જાણવાની મજા પડી હોય તેવી બે વિગતો કહો.
  - o પક્ષીઓનાં નામ
  - o પક્ષીઓનાં રહેઠાણ
  - o પક્ષીઓનાં હિન્દી અંગ્રેજીમાં નામ
  - o પક્ષીઓના ખોરાક
  - o પક્ષીઓનું કદ અને રંગ
  - o પક્ષીઓની વિશેષતાઓ
  - o પક્ષીઓના માળાઓ વિશે
  - o પક્ષીઓનાં બચ્ચાંઓ વિશે
  - o પક્ષીઓની ઉડવાની ગતિ વગેરે...

**2. પ્રવૃત્તિ : શબ્દપિરામિડ** **તા.** **જોડીકાર્ય**

- વિદ્યાર્થીઓને નીચે મુજબ નામ લખવા કહો.

એક પ્રવૃત્તિનું નામ

બે પ્રાણીઓનાં નામ

ત્રણ પક્ષીઓનાં નામ

ચાર રમતોનાં નામ

પાંચ ખોરાકનાં નામ

છ રંગોનાં નામ

- પ્રથમ હરોળમાં ટોચે પ્રવૃત્તિનું નામ, બીજી હરોળમાં બે પ્રાણીઓનાં નામ અને અંતમાં છ રંગોનાં નામ લખવાથી શબ્દપિરામિડ પૂરો થશે.
- એક પછી એક વિદ્યાર્થી આવી બોર્ડ પર એક પછી એક હરોળનાં નામ લખશે.

## 3. પ્રવૃત્તિ : અર્થગ્રહણ તા. જોડીકાર્ય

- કોષ્ટકને આધારે જવાબ આપો.

| વાહનનો પ્રકાર | એક ફેરામાં કેરીનું થતું વજન (કિલોગ્રામ) | વાહનની ઝડપ (કિમી/કલાક) |
|---|---|---|
| બળદગાડું | 200 | 4 |
| છકડો રિક્ષા | 600 | 12 |
| ટ્રેક્ટર | 800 | 20 |
| ટ્રક | 6000 | 44 |

પ્રશ્નો :

1. 1000 કિલોગ્રામ કેરીનું વહન કરવા બળદગાડાના કેટલા ફેરા કરવા પડે?..............
2. ટ્રક ત્રણ કલાકમાં કેટલું અંતર કાપશે? ..............
3. છકડો રિક્ષા પાંચ ફેરામાં કેટલી કેરીનું વહન કરશે? ..............
4. 100 કિલોમીટર અંતર કાપવા માટે ટ્રેક્ટર કેટલો સમય લેશે? ..............
5. 60 ટન કેરીનું વહન કરવા માટે ટ્રકને કેટલા ફેરા કરવા પડે? ..............

## 4. પ્રવૃત્તિ : સંવાદ તા. જોડીકાર્ય

- સંવાદ વાંચો અને આપેલ બોક્સમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સંવાદ પૂર્ણ કરો અને ભજવો.

o હું તો ખૂબ મૂંઝવણમાં છું.
o તમે મારી મૂંઝવણ ઉકેલી.
o તે પાણી અને જમીન બંને પર રહે છે.
o કેમ છે?
o તે સાચી વાત કરે છે.
o તને ખબર છે? કાચબો ક્યાં રહે છે?

સંવાદ :

કબૂતર : ભોલુ ....................? મજામાં? ક્યાં ચાલ્યો?

ભોલું : શું કહું કિટ્ટુ, ....................

કબૂતર : તને વળી શાની મૂંઝવણ?

ભોલું : જો ને પેલી માછલી કહે છે કે એ તો પાણીમાં રહે છે.

કબૂતર : .................... ?

ભોલું : ના, તમે જ કહોને.

કબૂતર : ....................

ભોલુ : આભાર, ....................

**5. પ્રવૃત્તિ : સોફિયાને પત્ર તા. જોડીકાર્ય**

- પત્ર વાંચી પ્રશ્નોના જવાબ આપો. સોફિયા તેની બહેનપણી રોઝીને પત્ર લખે છે.

તારીખ : 10 નવેમ્બર, 2019

શનિવાર

પ્રિય રોઝી,

હું મજામાં છું. તું પણ મજામાં હોઈશ.

હું અહીં મારા મામાને ઘરે આવી છું. અહીં પંદર દિવસ રોકાઈશ. હું અહીં બ્યુટી પાર્લરનું કામ શીખીશ. તેં ગયા વખતે મને સીવણ અને ભરતકામ શીખવેલ ત્યારે બનાવેલ બેગ મને બહુ જ કામ આવી. હું અહીં મહેંદી મૂકવાનું શીખીને તને પણ શીખવીશ. હા, વેકેશનમાં ગૃહકાર્ય કરવાનું ભૂલાય નહીં તે જોજે. કાલે અમે દરિયાકિનારે જવાનાં છીએ. તું પ્રાણી સંગ્રહાલય જવાની વાત કરતી હતી, તો રજાના દિવસોમાં જઈ આવજે, પછી આપણે મળીએ ત્યારે ઘણી બધી વાતો કરીશું.

આ પત્ર મળે કે તરત જ પત્ર લખજે.

આવજે

લિ.

સોફિયા

1. સોફિયા વેકેશનમાં મામાના ઘરે કેટલાં અઠવાડિયાં રોકાશે?
2. બેગ કોણે બનાવી હતી?
3. સોફિયાએ રોઝીને અને રોઝીએ સોફિયાને શું શીખવ્યું?
4. વેકેશનમાં ગૃહકાર્ય કરવું તમને ગમે? - ચર્ચા કરો.
5. વેકેશનમાં તમને કયા કયા સ્થળે જવું ગમે? - ચર્ચા કરો.


## 6. પ્રવૃત્તિ : શું કરશો? તા. જૂથકાર્ય

- આપત્તિઓ સામે ખાનામાં ઉદાહરણ મુજબ લખો.

| આપત્તિ | શું થશે? | સાવચેતી | શું કરશો? |
|---|---|---|---|
| ઉદા.<br>પૂર | પૂર આવશે ત્યારે ગામમાં ઘરોમાં પાણી ફરી વળશે. | નદી કે પાણીવાળી જગ્યાએ ન જવું | પૂર આવે તો ઊંચાઈવાળી જગ્યાએ જઈશું. બીજાને મદદરૂપ થઈશું. |
| વાવાઝોડું | | | |
| રોગચાળો | | | |
| ભૂકંપ | | | |
| આગ | | | |
| અકસ્માત | | | |

## 7. પ્રવૃત્તિ : ફેસ્ટિવલ ટ્રી તા. જોડીકાર્ય

- આપેલ બધા શબ્દોનો ઉપયોગ કરી પાંચથી સાત વાક્યો લખો. ફકરાને શીર્ષક આપો.




..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 8. પ્રવૃત્તિ : આપણાં ભાઈબંધ     તા.     જૂથકાર્ય

- શબ્દો અને વાક્યોને ખાનામાં લખો અને કોષ્ટક પૂર્ણ કરી વર્ગ સમક્ષ વાંચો.

| ક્રમ | વ્યવસાયકારો | સાધન | સામગ્રી | વાક્ય |
|---|---|---|---|---|
| 1 | સુથાર | કરવત | લાકડું | હું સરસ ટેબલ બનાવું છું. |
| 2 | | ચાકડો | માટી | |
| 3 | | | | હું દવા આપું છું. |
| 4 | | કાપડ | | |
| 5 | માળી | | | |
| 6 | | | ચામડું | |
| 7 | કડિયા | | | |
| 8 | કઠિયારો | | | |
| 9 | | | | હું ખેતી કરું છું. |
| 10 | સોની | | | |
| 11 | | સાળ | | હું કાપડ વણું છું. |

## વીસમું અઠવાડિયું

### 1. પ્રવૃત્તિ : શું ગમે? તા. જૂથકાર્ય

- મિત્રો સાથે જૂથમાં વાત કરો.
  - શાળાના મકાનનો રંગ કેવો હોય તો તમને ગમે?
  - વર્ગખંડનો આકાર કેવો હોય તો તમને ગમે?
  - બેઠક વ્યવસ્થા કેવી હોય તો તમને ગમે?
  - તમને કેવાં પુસ્તકો વાંચવાં ગમે?
  - શાળામાં કેવી રમતો રમવી ગમે?
  - પ્રાર્થનાસભા કેવી હોય તો તમને ગમે?
  - શાળાનો બગીચો કેવો હોય તો તમને ગમે?

### 2. પ્રવૃત્તિ : ઊંધું – ચત્તુ તા. જૂથકાર્ય

- દિવાળી અને જન્માષ્ટમીના બે ફકરા એક સાથે લખાઈ ગયા છે. વાંચો અને બંને ફકરા અલગ કરો.

આજે દિવાળી છે. અમે સાથે મળી રંગોળી બનાવી. થોડા દિવસો પહેલાં જન્માષ્ટમી હતી. મિત્રો અને સંબંધીઓનાં દિવાળી કાર્ડ મળ્યાં છે. અમે મમ્મી પપ્પા સાથે મેળામાં ગયાં હતાં. પપ્પાની મદદથી મેં પણ સંબંધીઓને દિવાળી કાર્ડ લખ્યાં. મેળામાંથી મેં મોટર લીધી હતી. ઘરે મિત્રો તથા પડોશીઓ મળવા આવ્યા. અમે ચકરડી તથા ચકડોળમાં બેઠાં હતાં. અમોએ ફટાકડા પણ ફોડ્યા અને રોશની પણ કરી. મેળામાં રમકડાંની ઘણી બધી દુકાનો હતી. મેળામાં અમે ખૂબ મજા કરી.

### 3. પ્રવૃત્તિ : અનુમાન કરો તા. જોડીકાર્ય

- સામાન્ય રીતે વસ્તુનું ક્ષેત્રફળ કયા એકમમાં મપાય તેનું અનુમાન કરો અને કોષ્ટકમાં યોગ્ય ખાનામાં ટિક કરો. ઉપર મુજબનાં આવાં વધુ બે-બે ઉદાહરણો વિચારો

| વસ્તુ | ચોરસ સેન્ટિમીટર | ચોરસ મીટર | ચોરસ કિલોમીટર |
|---|---|---|---|
| રૂમાલ | ✓ | | |
| બારણું | | | |
| કાળુ પાટિયું | | | |
| ટીવીની સ્ક્રીન | | | |

| વસ્તુ | ચોરસ સેન્ટિમીટર | ચોરસ મીટર | ચોરસ કિલોમીટર |
|---|---|---|---|
| શાળાનું મેદાન | | | |
| ગુજરાતનો વિસ્તાર | | | |
| પાઠ્યપુસ્તક | | | |
| વર્ગખંડનું ભોંયતળિયું | | | |
| મોબાઈલની સ્ક્રીન | | | |
| કચ્છનું રણ | | | |
| રસોડું | | | |
| ટેબલ | | | |
| ગંગા નદીનું મેદાન | | | |
| ખેતર | | | |
| ખુરશીની બેઠક | | | |
| સાડી | | | |

**4. પ્રવૃત્તિ : મારી પાસે** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- તમારી પાસે જે જે વસ્તુઓ હોય તેના વિશે ત્રણ-ત્રણ વાક્યો બોલો.
  (ગોગલ્સ, પેન, સ્કૂટર, નાસ્તા પેટી, બસ, છત્રી, ટોપી, ઢીંગલી, પાણીની બોટલ, રૂમાલ, મોબાઈલ ફોન, ચંપલ, બેટ)

  ઉદાહરણ. દફતર

  - વાક્ય – 1 : હું રોજ દફતર લઈને શાળાએ જાઉં છું.
  - વાક્ય – 2 : દફતરમાં પુસ્તકો, નાસ્તાનો ડબ્બો અને કંપાસ બોક્સ રાખું છું.
  - વાક્ય – 3 : મારા ફઈબાએ મારા જન્મદિવસે દફતર ભેટ આપ્યું છે.

**5. પ્રવૃત્તિ : આરામ-વિરામ** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- પૂર્ણવિરામ, પ્રશ્નવાક્ય, અલ્પવિરામ, ઉદ્ગારચિહ્નનો ઉપયોગ કરી વાક્યો ફરીથી લખો.
  - શા વિચારમાં પડી ગયા છો મહારાજ
  - ભગવાને આ હાથપગ આપ્યા છે એને શું કરું મહારાજ
  - બેફિકર રહો મહારાજ વાયદો નહીં ચૂકું
  - સાધુ કહે સીવી દો તો શું લેશો
  - ના મહારાજ હરામનો પૈસો મને ન ખપે
  - જોયુ તો ઓજાર બધાં સોનાનાં

**6. પ્રવૃત્તિ : દિનચર્યા** **તા.** **વ્યક્તિગતકાર્ય**

- સલમાની દિનચર્યા અને સમય ગોઠવો અને સલમાની દિનચર્યા લખો.

  ઉદાહરણ : ઊંઘી જવું – રાત્રે 10:30 કલાકે.
  - o સલમાની દિનચર્યા : ઊંઘી જવું, ચા-નાસ્તો, બ્રશ કરવું, શાળા, સ્નાન, ઊઠી જવું, રમતગમત
  - o સલમાની દિનચર્યાનો સમય : સવારે 7:00 કલાકે, સાંજે 5:30 કલાકે, સવારે 10:30 કલાકે, રાત્રે 10:00 કલાકે, સવારે 7:05 કલાકે, સવારે 7:15 કલાકે
  - o સલમાની દિનચર્યા મુજબ તમારી દિનચર્યા લખો.

    હું સવારે ..................... કલાકે ઊઠું છું.

    ...........................................

    ...........................................

**7. પ્રવૃત્તિ : વર્ગીકરણ** **તા.** **જોડીકાર્ય**

- વસ્તુઓ શામાંથી મળે છે? પ્રાણીમાંથી કે વનસ્પતિમાંથી? તેનું વર્ગીકરણ કરો.

  (ઘી, ચોખા, તુવેરદાળ, ઊન, સુતરાઉ કાપડ, ચપ્પલ, પનીર, કોલસો, રોટલી, માંસ, કાગળ, રબર, દૂધ)

| | |
|---|---|
| પ્રાણી | |
| વનસ્પતિ | |

**8. પ્રવૃત્તિ : 5 કે તેના ગુણક બોલવાના નહિ** **તા.** **સમૂહકાર્ય**

- વર્તુળાકાર ઊભા રહો.
- દરેક વિદ્યાર્થી ક્રમિક અંક 1, 2, 3, 4 બોલશે
- 5નો ક્રમ આવે ત્યારે તાલી પાડશે, પરંતુ જો અંક બોલશે તો તે આઉટ ગણાશે.
- આવી રીતે 5, 10, 15, ... અંકો બોલવાના નથી. આમ, રમત આગળ વધતી જશે.